R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૭મું

VOLUME : 02 • ISSUE : 07 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH FEBRUARY 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation



6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# શ્રી અર્હમ્ ફાઉન્ડેશન ટ્રસ્ટ મુંબઇ
## આયોજીત
## શ્રી સંઘભકિત અભિયાન

**પ્રેરણા – માર્ગદર્શન – શ્રી ગુણોદય મુકિત જય દિવ્ય આશિષે**
**ખાનદેશરત્ના પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.**

શ્રી સંઘ..........................................................................................

ટ્રસ્ટીગણ

સાદર જય જિનેન્દ્ર !

શ્રી સંઘ તીર્થંકર પરમાત્મા એ સ્થાપેલ તીર્થના અંશ સ્વરૂપ છે. જેને પચ્ચીસમાં તીર્થંકરની ઉપમા આપેલી છે. એવો શ્રી સંઘ સદા વંદનીય-સન્માનનીય છે.

આપણા વડીલ જે ક્ષેત્રમાં વસ્યા ત્યાં સમયાનુસાર સુંદર જિનાલય ઉપાશ્રયાદિ સંઘનું નિર્માણ કર્યુ. સમય અને સંજોગોના કારણે ઘણા ઠેકાણે વસ્તી ઘટી રહી છે. અને એનાથી જિનાલયાદિને સાચવવામાં મુશ્કેલી ઉભી થઇ રહી છે ત્યારે આપણે સાથે મળીને શ્રી સંઘોને સાચવી લઇએ.

એ ભાવનાથી જે ક.દ.ઓ શ્રી સંઘમાં પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજાના **ચઢાવા** કે **નકરાં** ન હોય અને જેમને જિનાલયમાં ઉપયોગી સામગ્રીની આવશ્યકતા હોય એમનો લાભ લેવાની ભાવના છે. શ્રી સંઘની જરૂરીયાત મુજબ નીચે આપેલા કોષ્ટકમાં વસ્તુઓની નોંધ કરી શ્રી સંઘની માહિતી સાથે સંપર્કસૂત્ર પર વ્હોટસ એપ કરવા નમ્ર વિનંતી.

**જરૂરથી આ લાભ આપવા આગ્રહભરી વિનંતી કરીએ છીએ.**

શ્રી સંઘનું નામ..........................................................................

સરનામુ ..................................................................................

ફોન નં ...................................................................................

| સામગ્રી | નંગ /ગ્રામ /કીલો | અન્ય સામગ્રી |
|---|---|---|
| વાસક્ષેપ | | ઝાડુ, સૂપડી, ડોલ, ફટ્ટા |
| સુખડ | | સાબુ, પાવડર, પીતાંબરી, ગરણાં |
| બરાસ | | |
| કેસર | | |
| ઘી | | |
| કપૂર | | |
| અગરબત્તી | | |
| અંગલૂછણા | | |
| વાળાકૂંચી-મોરપિંછી-પોંજણી | | |
| વાટ | | |
| પાટલૂંછણા / ટુવાલ | | |

**સંપર્ક સૂત્ર –**

શ્રીમતી દિપ્તીબેન શાહ Mo. 9870265466
સૌ. કલ્પનાબેન લોડાયા Mo. 9993731500

લી.
શ્રી અર્હમ્ ફાઉન્ડેશન ટ્રસ્ટ
ટ્રસ્ટીગણ

# ભાવભર્યા શ્રધ્ધાસુમન...

કચ્છ
આરિખાણા



ધુલિયા

અરિહંતશરણ
તા. ૨૩-૧-૨૦૨૨

જન્મ
તા. ૨૮-૧૧-૧૯૪૨

## સ્વ. હિરાવંતીબેન મણિલાલ લોડાયા (ધુલિયા)

સમયનો સ્લખિત પ્રવાહ નિરંતર વહેતો રહે છે, કાળક્રમે એના ધસમસતા પ્રવાહમાં અસંખ્ય આત્માઓ વિલિન થઇ ગયા. પૃથ્વી પર જે જન્મે છે તે આયુષ્ય ભોગવી અંતે જ્યાં કોઈ વિચ્છેદ નથી એવા અમૃતલોક તરફ પ્રયાણ કરે છે. એવા અમારા નિત્યાનંદ કૉલોની, કચ્છ - આરિખાણા પરિવારના મોભી **શ્રીમતી હિરાવંતીબેન** નું દુઃખદ અવસાન થતાં અમે એક આત્મીય સ્વજન ખોયા છે. એમના સંસ્મરણો અવિસ્મરણીય રહેશે. પ્રભુ એમના આત્માને પરમ શાંતિ અર્પો. એમની વસમી વિદાયથી અમારા પરિવારજનો પર આવી પડેલ વિશાદની પળોમાં સહભાગી છીએ તથા તેમને શાંત્વના પાઠવીએ છીએ.

### ...શોકમગ્ન આત્મીજનો...

શા. ભવાનજી ખીયસી લોડાયા અરિખાણા-મુંબઇ. સાસરાપક્ષે
શા. વાલજી નેણસી શિયાડ જાલના - જખો. માવિત્ર પક્ષે
જયાબેન લક્ષ્મીચંદ ટોકરસી ધરમસી તથા પ્રેમિલા, કલ્પનાબેન ગોવિંદજી નેણસી સોની
સાચંરા-ધુલિયા. નિલેશ, હિના, જ્યોતિ, હર્ષા, વંદના, અમિત, હર્ષદ ના માસિ.

તંત્રી સ્થાનેથી

# જીવનસાથી મેળવવાની સમસ્યા



- ડૉ. હીરાચંદ દંડ

વર્તમાનમાં આપણી જ્ઞાતિ યુવાન દિકરા-દિકરીઓના લગ્નસંબંધ માટે ખૂબજ મુશ્કેલી અનુભવી રહી છે અને આ પ્રશ્ન દિવસે-દિવસે વધુને વધુ વિકટ બની રહ્યો છે. આજે જો સંતાનો પોતાની રીતે જીવનસાથીની પસંદગી કરી લે તો ઘણા માવિત્રો ખુશી પણ અનુભવે છે. સંતાનો માટે સારા જીવનસાથીની શોધ કરવી એ વડીલો માટે ખૂબજ કપરૂં થઇ ગયું છે, અને નાના અને દૂરના શહેરોમાં વસતા જ્ઞાતિજનો માટે તો વધુ દુષ્કર છે. મુંબઇ કે જ્યાં આપણી જ્ઞાતિની ૫૦% વસતી છે ત્યાં પણ જ્ઞાતિના યોગ્ય પાત્ર સાથેના લગ્ન ખૂબજ મુશ્કેલ છે.

મુંબઇ મહાજન દ્વારા સુવ્યવસ્થિત રીતે અનેક સગપણ મેળાવડાનું આયોજન થયું છે. અહીં હું મુંબઇ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદાને અભિનંદન આપીશ કે આ અગાઉ તેમના કાર્યકાળ દરમ્યાન પણ તેમના નેતૃત્વ હેઠળ સગપણ મેળાવડા તથા યુવા મિલનના કાર્યક્રમોનું આયોજન હકારાત્મક પરિણામ મેળવવા માટે ખૂબજ સુંદર અને વ્યવસ્થિત રીતે થયું હતું. દક્ષિણ ભારત એકમ દ્વારા પણ યુવા મેળાવડા આયોજિત થાય છે, પરંતુ જ્ઞાતિ સગપણ અંગે કોઇ જ લાંબાગાળાનું કાયમી સોલ્યુશન નથી દેખાતું. અન્ય જ્ઞાતિઓના મારા મિત્રો સાથે આ અંગે મારી સામાન્ય વાતચીત થઇ ત્યારે જાણવા મળ્યું કે તેમની જ્ઞાતિમાં પણ આવા પ્રશ્નો છે જ. એટલે કે બધી જ્ઞાતિઓ એક જ નાવમાં સવાર છે, એટલે આ પ્રશ્નનું નિરાકરણ એ બધા માટે માથાના દુઃખાવા સમાન છે.

આજથી ૬૦-૭૦ વર્ષ પહેલા માવિત્રો પોતાની દિકરી માટે છોકરો પસંદ કરતા હતા. એ સમયે દિકરીઓ વધુ શરમાળ પણ હતી. વડીલો સારો છોકરો, ખાનદાન અને સંબંધીઓ જોતા હતા. પરિવારની આર્થિક સ્થિતિ થોડીક સાધારણ હોય તો પણ છોકરાઓને જીવનસાથી સહેલાઈથી મળી રહેતા. આજે યુવતીઓ પોતાના જીવનસાથીની પસંદગી જાતે જ કરે છે. (યુવતીઓને આ પસંદગીનો અધિકાર છે જ).

પહેલાંના જમાના કરતા હાલમાં યુવતીઓ માતા-પિતા સાથે ખુલાસાથી વાત કરી શકે છે. કારણકે થોડી મોટી ઉંમરે લગ્ન થાય છે એટલે યુવતીઓ પોતાના માતા-પિતાના શહેરમાં કે નજીકના સ્થળે લગ્ન કરવા વિચારે છે જેથી પોતાની કારકિર્દીમાં પણ પ્રવૃત્ત રહી શકે. પહેલા યુવતીઓના લગ્ન નાની ઉંમરે થતા હતા અને પસંદગી માટે ખાસ કોઇ વિચાર-વિમર્શ થતો ન હતો, પણ આજે આધુનિક શિક્ષણ, વૈશ્વિક માધ્યમો સાથેનું જોડાણ, મજબુત સંપર્ક માધ્યમો તથા માતા-પિતાના સાથને કારણે યુવતીઓને નવો દૃષ્ટિકોણ પ્રાપ્ત થયો છે. એટલે યુવતીઓ પોતાની પસંદગીના વર્તુળની આસપાસ જીવવાનું-રહેવાનું પસંદ કરે છે.

ક.દ.ઓ. જ્ઞાતિની યુવતીઓ ઉચ્ચ શિક્ષણ, તેજસ્વીતા, કુશળતા તથા સ્પષ્ટ દૃષ્ટિકોણ ધરાવે છે તથા પોતાની કારકિર્દી બનાવવા ઇચ્છે છે. તેમને પોતાનો જીવનસાથી તથા તેનો પરિવાર દિકરા-દિકરીને સમાન ગણે એવા હોય એમ ઇચ્છે છે. લગ્ન બાબતની સમજણ આજે બદલાઇ ગઇ છે, અને સમાજ પણ એ માટે તૈયાર છે. આજે યુવતીઓ પોતાની કારકિર્દીનું ઘડતર કરી પોતાનું ભવિષ્ય ઉજ્જવલ થાય એવા શહેરોમાં રહેવા ઇચ્છે છે.

આજે ઘણા યુવાનો ઓછું શિક્ષણ, ઓછી આવક ધરાવે છે તથા નાના શહેરો કે વિસ્તારોમાં રહે છે, તેમને જીવનસાથી મેળવવા ખૂબ જ મુશ્કેલી થાય છે. ગામડાં કે નાના શહેરમાં રહેતી યુવતીઓ પણ તેમની પસંદગી નથી કરતી. આપણી જ્ઞાતિ માટે આ ખૂબજ મોટી સમસ્યા છે અને એનો ઉકેલ ખૂબજ મુશ્કેલ લાગે છે. જ્ઞાતિના અનેક યુવાનો માટે જ્ઞાતિમાં પાત્ર ન મળવાના કારણે અન્ય જ્ઞાતિઓમાં પરણવા સિવાય વિકલ્પ નથી. આ પ્રશ્ન આજે ખૂબજ મોટો છે. એના ઉકેલ માટે પ્રકાશ સમીક્ષાના વાચકો પાસે કોઇ સૂચન હોય તો લખી મોકલવા વિનંતી છે. સામુહિક પ્રયાસો દ્વારા જ્ઞાતિના આ પ્રશ્નના હલ માટે આપણે સૌ સાથે મળી પ્રયત્ન કરીએ.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :** CA હિતેશ મણીકાંત ધરમશી

**વૉલ્યુમ : ૦૨, અંક : ૦૭, તા. ૦૫-૦૨-૨૦૨૨**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# મળવા જેવા માણસ...

## શ્રીમતી કાંતાબેન મુલજી લોડાયા-સાંધવ(દાદર)



આજે હું તમને પરિચય કરાવીશ ક.દ.ઓ. સમાજની બે વિરાંગનાઓનો કે જેઓ કોઈપણ જ્ઞાતિના જરૂરતમંદોની સેવા માટે તત્પર રહે છે. તેઓએ શું સેવા કરી છે અને શું કરી રહ્યા છે એ વિશે કોઈપણ પ્રચાર-પ્રસાર કર્યા વિના માનવસેવા કરતા જ રહે છે. આજે જ્યારે મોટાભાગે બધી જ સંસ્થાઓ તેમણે કરેલી સેવાનો પ્રચાર-પ્રસાર જાહેર માધ્યમો દ્વારા કરતા રહે છે. ખૂબ નાના સેવાકાર્યની મોટી પબ્લિસીટી કરવા કેટલીક વ્યક્તિઓ સમાચારપત્રોમાં ફોટા છપાવે છે અને ખૂબ મોટું કામ કર્યાનો દેખાડો કરે છે. આવી સ્થિતી વચ્ચે આ બન્ને બહેનો કોઈપણ જાતના પ્રચાર વિના અને લાભાર્થીઓના આભારની અપેક્ષા વિના પોતાનું સેવાકાર્ય કરી રહ્યા છે. આવા બે ક.દ.ઓ. નારીરત્નો છે શ્રીમતી કાંતાબેન મુલજી લોડાયા અને શ્રીમતી અલ્પાબેન ઘનશ્યામ લાલકા. આ બન્ને સન્નારીઓના સેવાક્ષેત્ર અલગ અલગ છે, પરંતુ ઉદ્દેશ એક જ છે કે જરૂરતમંદ માણસોને મદદ કરવી.

મને પ્રકાશ સમીક્ષાના ટ્રસ્ટી શ્રીમતી કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠિયા દ્વારા આ બન્ને વિરાંગનાઓ વિશે જાણવા મળ્યું અને મેં ઈન્ટરવ્યુ માટે તેમનો સંપર્ક સાધવા પ્રયત્ન કર્યો. આ બન્ને સન્નારીઓને આવા પ્રચાર પ્રસારમાં જરાપણ રસ નથી એટલે તેમને મુલાકાત માટે મનાવવામાં ખૂબજ મુશ્કેલી પડી.

શ્રીમતી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા-સાંધવ(દાદર)એ આશાબેન જીવરાજ લખમશી નાગડા-નલિયાના સુપુત્રી છે. તેઓએ એમ્બ્રોઈડરીમાં ડિપ્લોમા કર્યું છે.

ચાલીસ વર્ષો પહેલા એક બ્રાહ્મણ પરિવારે તેમની દિકરીના લગ્ન પ્રસંગે દાયજો (કરિયાવર) આપવા માટે કાંતાબેનનો સંપર્ક કર્યો અને તે વખતે જ કરૂણાસભર હૃદયના કાંતાબેને બ્રાહ્મણ પરિવારને મદદ કરી. આ પ્રસંગે તેમને વિચારતા કરી દીધા કે જે માવિત્રો પોતાના દિકરીના લગ્ન કરવા ઈચ્છે છે પરંતુ પૈસાના અભાવે તેમ નથી કરી શકતા એમના માટે શું કરી શકાય? અને કાંતાબેને એવા પરિવારોને સંપુર્ણ દાયજો (કરિયાવર) આપવાનું શરૂ કર્યું. તેમણે નાત જાતના ભેદભાવ વિના જરૂરતમંદ પરિવારોને દાયજો, મામેરૂં, વિયાતર માટે મદદરૂપ થવાનું ચાલુ જ રાખ્યું. અત્યાર સુધી તેમણે ૫૦૦થી વધુ પરિવારોને આવા પ્રસંગોએ એકલે હાથે મદદ કરી છે. આવો, તેમની પાસેથી વધુ માહિતી જાણીએ.

**પ્ર.સ.:** આપે આ શુભ કાર્ય કઈ રીતે શરૂ કર્યું? કઈ બાબત તમારા માટે પ્રોત્સાહક બની? તમે આ માટેનો ખર્ચ કઈ રીતે કરો છો?

**કાંતાબેન :** જ્યારે એક બ્રાહ્મણ પરિવારે દિકરીના કરિયાવર માટે મારો સંપર્ક કર્યો ત્યારે મારા ધ્યાનમાં આવ્યું કે આ પ્રકારની મદદ કરવા કોઈ જ સંસ્થા ઉપલબ્ધ નથી એટલે મેં નક્કી કર્યું કે આ માટે મારે કંઈક કરવું છે. એ સમયે સમુહલગ્નોનું આયોજન શરૂ નહોતું થયું એટલે પરિવારે જાતેજ બધી વ્યવસ્થા કરવી પડતી હતી. મેં મારી પાસેની ઘરખર્ચની રકમમાંથી થતી બચતમાંથી મદદરૂપ થવાનું શરૂ કર્યું. પણ વધુને વધુ પરિવારોની માગણી આવતી હતી. એટલે મારા પતિ સ્વ. મુલજી રાઘવજીએ મને આર્થિક સહયોગ આપ્યો. તેઓ વિશાળ અને ઉદાર હૃદય ધરાવતા હતા અને ક.દ.ઓ. જ્ઞાતિમાં પણ મોટા દાતા હતા. એ ઉપરાંત હું જે દુકાનો ઉપરથી સાડી, પર્સ, બેગ, કપડા ખરીદતી હતી એ દુકાનદારો પણ મારો શુભ આશય જાણીને મોટું ડીસ્કાઉન્ટ આપતા હતા. દુકાનદારો જ્યારે પણ ડીસ્કાઉન્ટ સેલ શરૂ કરતા ત્યારે મને ફોન કરીને ખરીદી કરવા જણાવતા. તે ઉપરાંત અમુક દુકાનદારો કેટલીક વસ્તુઓ શુભેચ્છારૂપે ફ્રીમાં પણ આપતા અને કહેતા કે અમારે પણ આવા શુભ કાર્યમાં અમારું યોગદાન આપવું છે. મારા પરિવારના સભ્યો પણ મને ખૂબજ સાથ આપતા. છેલ્લા પાંચ વર્ષથી મારી નાદુરસ્ત તબિયતના કારણે હું દોડધામ નથી કરતી પણ મારી દિકરી જયશ્રી કાંતિલાલ દંડ-મલકાપુર (ઘાટકોપર) એ આ પ્રવૃત્તિ સંભાળી લીધી છે.

**પ્ર.સ.:** કાંતાબેન, તમોએ ઘણુંજ સેવાકાર્ય કર્યું છે પણ એનો પ્રચાર ક્યારેક કર્યો નથી?

**કાંતાબેન :** હું આ કાર્ય મારા આત્મસંતોષ માટે કરું છું નહિં કે

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

પ્રચાર માટે. ભગવાને મારા ઉપર ખૂબજ કૃપા કરી છે અને જરૂરતમંદોને મદદરૂપ થવું એ મારી ફરજ છે. હું મને સંપર્ક કરનારા જૈન, હિંદુ, મુસ્લીમ તેમજ અન્ય સૌને દાયજો આપું છું. બધા માનવો સમાન છે. જરૂરતમંદો તેમની પોતાની રીતે મારો સંપર્ક સાધે છે.

**પ્ર.સ.:** દાયજામાં તમે શું શું વસ્તુઓ આપો છો? તેવી જ રીતે મામેરૂ અને વિયાતરમાં શું આપો છો?

**કાંતાબેન :** ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે દાયજામાં સાડીઓ, પાનેતર, પર્સ, સુટકેશ, બ્લેન્કેટ, ચુડી, મેકઅપ આઈટમ તથા જમાઈ માટે કપડા વગેરે આપું છું. અન્ય જ્ઞાતિઓ માટે તેમની જ્ઞાતિના ધારાધોરણ તથા જરૂરિયાત મુજબ દાયજો આપું છું. મામેરૂ તથા વિયાતર માટે પણ જરૂરત પ્રમાણેની ચીજ વસ્તુઓ આપું છું. મુંબઈમાં રહેતા પરિવારોને આ બધી વસ્તુઓ ઘર પહોંચ કરું છું. જેથી તેમનો મુસાફરી વગેરેનો ખર્ચ બચી જાય.

**પ્ર.સ.:** આપ આ ઉપરાંત જરૂરતમંદોને ઘરનું ભાડું, ભાડાંના ઘર માટે ડિપોઝીટ, રોગની સારવાર માટે તથા અન્ય બાબતો માટે મદદ કરો છો એવું મને જાણવા મળ્યું છે. એ અંગે કંઈ કહેશો?

**કાંતાબેન :** જરૂરતમંદોને હું મારાથી થઈ શકે તે રીતે મદદ કરવા પ્રયત્ન કરું છું. હું મારી વ્યક્તિગત ક્ષમતા પ્રમાણે નાની નાની મદદ કરતી રહું છું. અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે જરૂરતમંદોને મદદ કરવા મને શક્તિ અને સામર્થ્ય મળી રહે.

**પ્ર.સ. :** આવા માનવસેવા કાર્ય બદલ આપને ખૂબ ખૂબ અભનંદન તથા શુભેચ્છાઓ. મને ખાત્રી છે કે દુ:ખીઓના આંસુ લુછવા ઈશ્વર આપને હંમેશા શક્તિ અને સામર્થ્ય આપશે. આપનો ખૂબ ખૂબ આભાર કાંતાબેન.

# મળવા જેવા માણસ...

## શ્રીમતી અલ્પાબેન ઘનશ્યામ લાલકા-વારાપધર(ઘાટકોપર)



શ્રીમતી અલ્પાબેન ઘનશ્યામ ચંપકલાલ લાલકા-વારાપધર (ઘાટકોપર)એ સ્વ. પ્રમીલાબેન ગોશર અને સ્વ. સી.એ. ઠાકરશી મેઘજી ગોશરના સુપુત્રી છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પુત્રી હોવાને કારણે તેમણે પણ કોમર્સનો અભ્યાસ કર્યો અને સી.એ. આર્ટીકલ પણ પુર્ણ કર્યું. તેઓએ તેમના નિકટના કેટલાક મિત્રો સાથે કોઈ સમાજ તથા માનવસેવાનું કાર્ય કરવા ચર્ચા કરી, એના પરિપાક રૂપે નવેમ્બર-૨૦૦૫માં અલ્પાબેન, હિરલબેન મનીષ નાગડા, રશ્મી હર્ષદ મોમાયા અને મીતા રાજુ જોબલીઆએ સાથે મળીને મૈત્રી ગ્રુપની શરૂઆત કરી. આવો, હવે અલ્પાબેન સાથેની પ્રશ્નોત્તરીમાંથી તેમના કાર્યો વિશે માહિતી મેળવીએ.

**પ્ર.સ.:** મૈત્રી ગ્રુપની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ શું હતો?

**અલ્પાબેન :** મૈત્રી ગ્રુપ એ અમે આપેલું એક નામ છે. જે કોઈપણ પ્રકારની સંસ્થા તરીકે સરકારી ધારા ધોરણ મુજબ નોંધાયેલું નામ નથી તેમજ અમારું કોઈ બેંક એકાઉન્ટ પણ નથી. અમે વ્યક્તિગત ધોરણે આ સેવા કરી રહ્યા છીએ. ૨૦૦૫માં અમે ચાર સખીઓએ સાથે મળીને કાર્ય કરવાનું નક્કી કર્યું અને નામ આપ્યું મૈત્રી ગ્રુપ. આજે અમે ૩૦ સભ્યો છીએ. અમે જ્ઞાતિ અને ધર્મને જોયા વિના જરૂરતમંદોને શક્યત મદદરૂપ થવા પ્રયત્નશીલ છીએ.

**પ્ર.સ.:** આપના કાર્યો, ભંડોળ એકત્રિકરણ તથા મદદ વિશે વધુ કહેવા વિનંતી.

**અલ્પાબેન :** ૨૦૦૫માં અમારી પ્રથમ મિટીંગમાં અમોએ રૂા. ૨૦૦/- પ્રતિ વ્યક્તિ કાઢેલા જે જીવદયામાં વાપર્યા. એ પછી દર મહિને બની શકે તો ૧૬ તારીખના સાંજે ૪.૩૦ થી ૬ની વચ્ચે એક મીટીંગ મારા ઘરે યોજીએ છીએ. જેમાં મોટાભાગના સભ્યો હાજર રહે છે. આ નિયમિતતા ફેબ્રુઆરી-૨૦૨૦ સુધી જળવાઈ હતી. કોરોનાકાળ પછી બધુ સામાન્ય થતા હવે ફરીથી મળવાનું શરૂ કરીશું.

મીટીંગમાં અમે જે કોઈ જરૂરતમંદ હોય તેને બોલાવીએ છીએ. અને એની જરૂરત વિશે ચર્ચા કરીએ. તેને મદદરૂપ થવા જોગું જણાય તો તે જ સમયે ભંડોળ ભેગું કરીએ. સભ્યો તેમની ઈચ્છા મુજબ સહયોગી બને છે અને જરૂર લાગે તો અન્ય દાતાઓ પાસેથી દાન મેળવી આપીએ છીએ. જરૂરતમંદ પરિવારને તેમની પોતાની રીતે જે વ્યવસ્થા થાય તે કરવાનું કહીએ છીએ અને છેલ્લે જે કંઈ ખૂટતું હોય તે માટે મદદરૂપ થઈએ છીએ. અમે જરૂરતમંદ વ્યક્તિની પીડાને

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી - નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કાં.**

સાંભળી તેના પ્રશ્નનું નિરાકરણ કરવા પ્રયત્નશીલ રહીએ છીએ. અમે તેની ચિંતા ઓછી કરવાની તથા તેને હિંમત આપવાની કોશિષ કરીએ છીએ.

**પ્ર.સ.:** તહેવારો પ્રસંગે તમે વધુ મદદરૂપ થાઓ છો?

**અલ્પાબેન :** દરેક દિવાળીએ અમે ૧૦૦ જરૂરતમંદ પરિવારોને અનાજ તથા અન્ય સામગ્રી તેમના ઘરે સીધી પહોંચતી કરીએ છીએ. આ રીતે અમે તેમનો સમય અને ખર્ચ બચાવીએ છીએ.

**પ્ર.સ.:** મુંબઈમાં પરિસ્થિતિ સામાન્ય થઈ જાય પછી આ સેવા પ્રવૃત્તિ ચાલુ રાખશો? તમે તમારા સભ્યો સિવાયના દાતાઓ પાસેથી દાન સ્વીકારો છો?

**અલ્પાબેન :** જી હા, કારણ કે અમે જરૂરતમંદોને મદદરૂપ થવા ઈચ્છુક છીએ. અમે તેમના આંસુ લુછવા અમારાથી બનતા પ્રયાસો કરીએ છીએ. અમને અનેક લોકો પાસેથી સહયોગ મળતો રહે છે પરંતુ અમે કોઈને પણ દાન આપવા કહેતા નથી કે અમારી સેવા અંગેનો કોઈપણ પ્રચાર-પ્રસાર કરતા નથી. પણ ઈશ્વર ખૂબજ દયાળુ છે અને એ દાતાઓના મનમાં કરૂણાનો ભાવ પ્રગટાવે છે જેઓ અમને સહયોગી બને છે.

**પ્ર.સ. :** અલ્પાબેન, આપનો ખૂબ ખૂબ આભાર.

**- ડૉ. હીરાચંદ દંડ**

## કલેક્ટર મેકઅપ કેમ નથી કરતાં...?

મલપ્પુરમ જિલ્લા કલેક્ટર શ્રીમતી રાણી સોયામોઈ કોલેજના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરે છે.

તેણીએ કાંડા ઘડિયાળ સિવાય કોઈ દાગીના પહેર્યા ન હતા. બાળકોને સૌથી વધુ આશ્ચર્યની વાત એ હતી કે તેણીએ ફેસ પાઉડરનો ઉપયોગ પણ કર્યો ન હતો.

ભાષણ અંગ્રેજીમાં છે. તેણીએ માત્ર એક કે બે મિનિટ વાત કરી, પરંતુ તેના શબ્દો નિશ્ચયથી ભરેલા હતા. ત્યારબાદ બાળકોએ કલેક્ટરને કેટલાક પ્રશ્નો પૂછ્યા.

પ્રઃ તમારું નામ શું છે?

મારું નામ રાની છે. સોયામોઇ મારું કુટુંબનું નામ છે. હું ઝારખંડની વતની છું. બીજું કાંઈ પૂછવું છે?

પ્રેક્ષકોમાંથી એક પાતળી છોકરી ઊભી થઈ.

પૂછો, બાળક.

''મેડમ, તમે તમારા ચહેરા પર કોઈ મેકઅપ કેમ નથી કરતા?'' કલેક્ટરનો ચહેરો અચાનક નિસ્તેજ થઈ ગયો. તેના પાતળા કપાળ પર પરસેવો છૂટી ગયો. તેના ચહેરા પરનું સ્મિત ફિક્કું પડી ગયું. પ્રેક્ષકો અચાનક શાંત થઈ ગયા.

તેણીએ ટેબલ પરની પાણીની બોટલ ખોલી અને થોડું પીધું. પછી તેણે બાળકને બેસવાનો ઈશારો કર્યો. પછી તે ધીમે ધીમે બોલવા લાગી. બાળકે મૂંઝવણભર્યો પ્રશ્ન પૂછ્યો. તે એવી વસ્તુ છે જેનો જવાબ ક્યારેય એક શબ્દમાં આપી શકાતો નથી. જવાબમાં મારે તમને મારી જીવનકથા કહેવાની છે. જો તમે મારી વાર્તા માટે તમારી કિંમતી દસ મિનિટ અલગ રાખવા તૈયાર હોવ તો મને જણાવો.

તૈયાર...

મારો જન્મ ઝારખંડના આદિવાસી વિસ્તારમાં થયો હતો. કલેક્ટર થોભી અને પ્રેક્ષકો તરફ જોયું.

મારો જન્મ કોડરમા જિલ્લાના આદિવાસી વિસ્તારમાં એક નાનકડી ઝૂંપડીમાં થયો હતો, જે ''મીકા'' ખાણોથી ભરેલી છે. મારા પિતા અને માતા ખાણિયા હતા. મારે મોટા બે ભાઈઓ અને નાની એક બહેન હતી. અમે એક નાની ઝૂંપડીમાં રહેતા હતા જે વરસાદ પડતાં લીક થઈ જાય છે.

મારા માતા-પિતા નજીવા વેતન માટે ખાણોમાં કામ કરતા હતા કારણ કે તેઓને બીજી નોકરી મળી ન હતી. તે ખૂબ જ અવ્યવસ્થિત કામ હતું. જ્યારે હું ચાર વર્ષની હતી ત્યારે મારા પિતા, માતા અને બે ભાઈઓ વિવિધ


### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઈલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

બિમારીઓથી પથારીવશ હતા. તે સમયે તેઓ બહુ ઓછા જાણતા હતા કે ખાણોમાં જીવલેણ મીકા ધૂળ શ્વાસમાં લેવાથી આ રોગ થાય છે. હું પાંચ વર્ષની હતી ત્યારે મારા ભાઈઓ બીમારીથી મૃત્યુ પામ્યા. એક નાનકડો નિસાસો લઈને કલેક્ટરે વાત કરવાનું બંધ કર્યું અને આંસુઓથી ભરેલી આંખો બંધ કરી.

મોટાભાગના દિવસોમાં અમારા આહારમાં પાણી અને એક કે બે રોટલીનો સમાવેશ થતો હતો. મારા બંને ભાઈઓ ગંભીર બીમારી અને ભૂખમરાથી આ દુનિયા છોડી ગયા. મારા ગામમાં એવા કોઈ લોકો નહોતા કે જેઓ ડોક્ટર પાસે કે શાળાએ જતા. શું તમે શાળા, હોસ્પિટલ અથવા તો શૌચાલય વિનાના ગામની કલ્પના કરી શકો છો? વીજળી વિના પણ?

એક દિવસ જ્યારે હું ભૂખી હતી, ત્યારે મારા પિતાએ મને, બધી ચામડી અને હાડકાં પકડી લીધા અને મને લહેરિયું લોખંડની ચાદરથી ઢંકાયેલી એક મોટી ખાણમાં ખેંચી ગયા. તે એક અભ્રક ખાણ હતી જેણે સમય જતાં કુખ્યાત થઈ હતી. તે એક પ્રાચીન ખાણ છે જે ખોદીને અંડરગ્રાઉન્ડમાં નાખવામાં આવી હતી. મારું કામ તળિયે આવેલી નાની ગુફાઓમાંથી પસાર થવું અને અભ્રક એકત્રિત કરવાનું હતું. તે ફક્ત દસ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે જ શક્ય હતું. મારા જીવનમાં પહેલીવાર મેં રોટલી ખાધી અને પેટ ભરેલું હતું. પણ તે દિવસે મને ઉલ્ટી થઈ.

હું પ્રથમ ધોરણમાં હતી ત્યાં સુધીમાં, હું અંધારાવાળા ઓરડાઓમાંથી અભ્રક સૂંઘી રહી હતી જ્યાં હું ઝેરી ધૂળનો શ્વાસ લઈ શકતી હતી.

કમનસીબ બાળકો માટે પ્રસંગોપાત ભૂસ્ખલનમાં મૃત્યુ થવું એ અસામાન્ય બાબત ન હતી. અને ક્યારેક ક્યારેક કેટલાક જીવલેણ રોગો સાથે. જો તમે દિવસમાં આઠ કલાક કામ કરો છો, તો તમને ઓછામાં ઓછી એક રોટલી મળશે. ભૂખ અને ભૂખને કારણે હું દરરોજ પાતળી અને નિર્જલીકૃત હતી.

એક વર્ષ પછી મારી બહેન પણ ખાણમાં કામ કરવા જવા લાગી. જલ્દી હું થોડી સ્વસ્થ થઈ, મારા પિતા, માતા, બહેન અને મેં સાથે મળીને કામ કર્યું અને એક એવા સ્થાન પર આવ્યા જ્યાં અમે ભૂખ્યા વગર રહી શકીએ. પરંતુ નિયતિએ અમને બીજા સ્વરૂપમાં ત્રાસ આપવાનું શરૂ કર્યું. એક દિવસ જ્યારે હું ખૂબ તાવને કારણે કામ પર જતી ન હતી ત્યારે અચાનક વરસાદ પડ્યો. ખાણના પાયા પર કામદારોની સામે ખાણ તૂટી પડતાં સેંકડો લોકો મૃત્યુ પામ્યા હતા. તેમાં મારા પિતા, માતા અને બહેન હતા.

કલેક્ટરની બંને આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. પ્રેક્ષકોમાંના દરેક લોકો શ્વાસ લેવાનું પણ ભૂલી ગયા હતા. ઘણાની આંખો આંસુઓથી ભરાઈ ગઈ.

મને યાદ છે કે હું માત્ર છ વર્ષની હતી. આખરે હું સરકારી અગતિ મંદિરે પહોંચી. ત્યાં હું ભણી. મૂળાક્ષરો શીખનાર હું મારા ગામમાંથી પહેલી હતી. આખરે અહીં કલેક્ટર બની તમારી સામે છું. તમે વિચારતા હશો કે આ અને હું મેકઅપનો ઉપયોગ નથી કરતી તેની વચ્ચે શું કનેક્શન છે. તેણીએ ચાલુ રાખ્યું, પ્રેક્ષકો તરફ નજર નાખી.

તે પછી જ મને સમજાયું કે તે દિવસોમાં અંધકારમાંથી પસાર થતી વખતે મેં જે આખું અભ્રક એકત્રિત કર્યું હતું તેનો ઉપયોગ મેકઅપ ઉત્પાદનોમાં કરવામાં આવતો હતો. મીકા એ ફ્લોરોસન્ટ સિલિકેટ ખનિજનો પ્રથમ પ્રકાર છે. ઘણી મોટી કોસ્મેટિક કંપનીઓ દ્વારા ઓફર કરવામાં આવતા મિનરલ મેકઅપ્સમાં સૌથી વધુ રંગીન મલ્ટી-કલર્ડ મીકા છે જે ૨૦,૦૦૦ નાના બાળકોના જીવના જોખમે તમારી ત્વચાને ચમકદાર બનાવે છે. ગુલાબની કોમળતા તમારા ગાલ પર તેમના સળગતા સપના, તેમના વિખેરાઈ ગયેલા જીવન અને ખડકો વચ્ચે કચડાયેલા તેમના માંસ અને લોહી સાથે ફેલાય છે. લાખો ડોલરની કિંમતના અભ્રક હજુ પણ ખાણોમાંથી બાળકોના હાથ દ્વારા લેવામાં આવે છે. આપણી સુંદરતા વધારવા માટે.

હવે તમે મને કહો. હું મારા ચહેરા પર મેકઅપ કેવી રીતે લગાવી શકું? ભૂખમરાથી મૃત્યુ પામેલા મારા ભાઈઓની યાદમાં હું કેવી રીતે પેટ ભરીને ખાઈ શકું? હંમેશા ફાટેલા કપડા પહેરતી મારી માતાની યાદમાં હું મોંઘા રેશમી વસ્ત્રો કેવી રીતે પહેરી શકું?

એક નાનકડું સ્મિત ભરીને મોં ખોલ્યા વિના માથું પકડીને બહાર નીકળતી વખતે બધા પ્રેક્ષકો અજાણતાં ઊભા થઈ ગયા. તેમના ચહેરા પરનો મેક-અપ તેમની આંખોમાંથી ટપકતા ગરમ આંસુમાં ભીંજાવા લાગ્યો હતો. સ્ત્રીઓને ફેસ પાઉડર, ક્રીમ, લિપસ્ટિકથી ભરેલી જોઈને તેમાંના કેટલાકને અણગમો થાય તો તેમને દોષ ન આપો.

(ઝારખંડમાં હજુ પણ ઉચ્ચ ગુણવત્તાની અભ્રકનું ખાણકામ કરવામાં આવે છે. ત્યાં ૨૦,૦૦૦ થી વધુ નાના બાળકો શાળાએ ગયા વિના કામ કરે છે. કેટલાક ભૂસ્ખલન અને કેટલાક રોગથી દટાયેલા છે.)

– મલયાલમમાંથી અનુવાદિત

**સંકલનઃ નલીન કેશવજી અજાણી (લોડાયા)**

કોઠારા (માટુંગા)



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

કોલંબસ હિન્દુસ્તાન શોધવા નીકળેલો ને અમેરિકા પહોંચી ગયો પણ અમારી નાવડી (નાટ્ય કર્મીઓને શોધવાની) પ્રથમ સફરમાં જ વમળમાં ફસાઈ ગઈ એવું લાગ્યું. નિરાશાનાં વાદળો તો ઘેરાયાં પણ ક્યાંક આશાનું એક તણખલું હાથ લાગશે એ આશાએ અમે હલેસાં મારવાનાં ચાલુ રાખ્યાં.

મારા મન ઉપર શ્રી કચ્છ એકમની નલિયા મુકામે મહાજનશ્રીનાં ભોજનશાળાનાં વિવિધલક્ષી હોલમાં ૨૩-૦૮-૨૦૧૭, શ્રી મહેશ ખીમજી લાલકા (આદિપુર)નાં પ્રમુખ પદ હેઠળ મળેલ મિટીંગનો પ્રસંગ તરવરી ઉઠ્યો.

હું અને મારા સસરાજી શ્રી ચીમનલાલ પી. મૈશેરી (જે સી.પી. નાં હુલામણા નામે ઓળખાતાં) આ મિટીંગમાં જોડાવવા નલિયા આવેલા. રજીસ્ટ્રેશન ઈત્યાદિ પતાવી ચા ના કાઉન્ટર તરફ આગળ વધતાં હતાં ત્યાં એક વૃદ્ધ મુસલમાન ભાઈએ ‘‘સી.પી.’’ કરીને હાકલ પાડી અને સી.પી. એ પણ ‘‘અરે... ઈસ્માઈલ તું હેંડા કડાથી ?’’ કહેતા તેમની સાથે ઉષ્માભર્યું હસ્તધુન કરતાં ‘‘ચા’’નાં કાઉન્ટર તરફ આગળ વધ્યાં, ચા નો કપ લઈ ખુરશી પર ગોઠવાયાં અને જુનાં સંસ્મરણોને ખોતરવા લાગ્યા. ઈસ્માઈલ ઢોલી એટલે જુશબ ઢોલીનો નાનો ભાઈ, બન્ને જણા સ્વ.શ્રી ચાંપશીભાઈ નાગડા અને શ્રી લક્ષ્મીચંદ નાગડા (વડીલબંધુ) માટે ‘‘ધમાલ રાસ’’નો ઢોલ વગાડનાર. ઈસ્માઈલનાં મોઢાં પર કરચલીઓ હતી પણ તેની યાદદાસ્ત તરોતાજા હતી.

જુશબ અને ઈસ્માઈલ ઢોલીનો એક જમાનામાં મુંબઈમાં ડંકો વાગતો અને ઢોલ ઉપરની પડતી દાંડીથી ઉદ્ભવતા લયો બાર દાંડિયાની રમત માટે પ્રખ્યાત હતા. રમનારા થાકતા પણ આ ઢોલીઓ છેલ્લે સુધી રાત-મધરાત સુધી વગાડતા.

સ્વ.શ્રી ચાંપશીભાઈ ઈન્ડીયન નેશનલ થીયેટરનાં કાર્યક્રમ માટે કચ્છી ‘‘ધમાલ’’ રાસની રજુઆત કરવા માંગતા હતા અને ઈસ્માઈલને તેમણે ‘‘ધમાલ’’નો ઢોલ વગાડવા તૈયાર કર્યો.

આ સંસ્મરણોનાં પોપડા બન્ને વડીલો ખોતરતાં હતા ત્યાં માઈક ઉપરથી કાર્યક્રમ શરૂ કરવાની ઉદ્ઘોષણા થઈ. વાત અધુરી રહી. મિટીંગ પછી મળવાનાં હતા, પણ ઘણું મોડું થયું હોવાથી ઈસ્માઈલને તેના ઘરે મળ્યા વગર અમે નીકળી ગયા.

પાછળથી શ્રી પવનકુમાર સાયલા, મેનેજર શ્રી ચંદ્રપ્રભુ અતિથિગૃહ-નલિયાનો સંપર્ક સાધતાં જાણવા મળ્યું કે ‘‘ઈસ્માઈલ’’ તો આ ફાની દુનિયાથી વિદાય લઈ ગયો.

પારોલા મુકામે વર્ષ ૨૦૦૬માં શ્રી મહારાષ્ટ્ર એકમ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, તે વિષયે ધુલીયા સ્થિત શ્રી ગોવિંદજી નેણશી સોની (સાંયરા-ધુલીયા)નો સંપર્ક સાધ્યો. શ્રી ગોવિંદજીભાઈ સાથે વાતચીતમાં તેમની સાળી હીરાવંતીબેનની પૂચ્છા કરી જેમણે લગભગ ઈ.સ. ૧૯૯૫થી ૨૦૦૦ની વચ્ચે શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બીવલીનાં નેજા હેઠળ યોજાતી રંજન સંધ્યામાં ભાગ લઈ ઈનામો પટકાવતા. બે ત્રણ વર્ષ ભાગ લઈ પ્રથમ કે દ્વિતિય ઈનામ મેળવી એક હરીફાઈમાં આ ઝિંદાદિલ કલાકારે સ્ટેજ પરથી જાહેર કર્યું કે ‘‘જજ સાહેબો મને આ ઉંમરે પણ શોખ છે એટલે મોનો એકટીંગમાં હું ભાગ લઉં છું પણ મને માર્કસ કે ઈનામ માટે જાહેર ન કરતાં બીજા નવોદિત કલાકારોને ઈનામ માટે જાહેર કરશો.’’

હીરાવંતીબેન સાથે પણ વાત થઈ. એ દિવસોનાં સંસ્મરણો લખી મોકલશે એની ખાતરી પણ આપી. અને દિનાંક ૨૩-૦૧-૨૦૨૨નાં આ જગત-નાટકનાં તખ્તા ઉપરથી વિદાઈ લીધી.



**સ્વ. હિરાવંતીબેન મણીલાલ લોડાયા**

**અમારા તરફથી તેમને આદરાંજલી.**

‘‘ચલતે ચલતે’’ અમારી નાવડી ફરી પાછી વમળમાં ફસાઈ ગઈ. (વધુ આવતાં અંકે...)



U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

# જ્ઞાતિમાં વસ્તી ઘટાડો

પ્રકાશ સમીક્ષામાં કેસરસિંહ ખોનાનો 'વસ્તી ઘટાડાને રોકવો જરૂરી, તંત્રી લેખ અંગે મારા વિચારો રજુ કરું છું.

ધાર્મિક આધારે જો આપણે આંકડાને જોઈએ તો તમામ ધર્મોમાં પ્રજનન દરમાં ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૦૫-૦૬ અને ૨૦૧૫-૧૬ દરમિયાન જોઈએ તો હિન્દુઓમાં પ્રજનન દર ૧૭.૮%, મુસલમાનોમાં ૨૨.૯%, ખ્રિસ્તીઓમાં ૧૫%, શીખમાં ૧૯%, બૌદ્ધમાં ૨૨.૭%, જૈનોમાં ૨૨.૧%નો ઘટાડો જોવા મળ્યો છે. એ દ્રષ્ટીએ આપની જ્ઞાતિમાં પ્રજનન દર ઘટે તે સ્વાભાવિક છે.

ભારતમાં જૈન સમુદાયનો પ્રજનન દર સૌથી ઓછો છે. દેશમાં જૈન સમાજની વસ્તી નિરંતર ઘટી રહી છે. આજે આ પ્રશ્ન માત્ર આપણી જ્ઞાતિનો જ નથી સમગ્ર જૈન સમાજ અને ધર્મગુરૂઓ પણ એટલા જ ચિંતિત છે, કારણ જૈનો જ નહી હોય તો જૈન ધર્મ કેવી રીતે ટકી શકશે. જૈનો કાંઈ એટલા માયકાંગલા નથી કે પોતાના સંતાનોનો બોજ ન ઉઠાવી શકે. એટલે ગુરુદેવો પણ વધુ સંતાનોની પ્રેરણા આપતા હોય છે. પારસી કોમ પછી જે વસતી ઘટી રહી છે તે જૈન સમાજની છે તેમ ટાંકી જૈનાચાર્ય પૂ.વિમલસાગર સૂરિ મહારાજે ૧૮૦ વર્ષ પછી ભારતમાં જૈનોનું અસ્તિત્વ જ નહીં રહે તેમ જણાવ્યું છે.

સરેરાશ દર વરસે જેટલા બાળકો જન્મે અને તેને સરેરાશ આયુષ્યથી ગુણાકાર કરવામાં આવે એટલી ભવિષ્યમાં જનસંખ્યા રહે. આ જ વાતને વર્તમાન સંખ્યાથી સરખાવીએ તો ખબર પડે કે વસ્તી વધશે કે ઘટશે. અભ્યાસ કરતાં જણાશે કે દરેક ક્રમિક પેઢીના બાળકોની સંખ્યા અગાઉની પેઢી કરતાં નાની છે. અગાઉની વધુ સંતાનવાળી પેઢી સમય આવે અસ્ત થશે તો મૃત્યુ દર વધુ રહેશે જન્મ દર કરતાં. જેથી વસ્તી તો ઘટવાની જ. આ વિગતને આપના છેલ્લા ૧૨ મહિનાના આંકડા સમર્થન આપે છે. આપણી જ્ઞાતિનું છેલ્લા ૧૨ મહિનાનું જન્મ, લગ્ન અને મૃત્યુ પ્રમાણ (ફેબ્રુઆરી૨૧ થી જાન્યુઆરી ૨૨) નીચે મુજબ છેઃ

| | | |
|---|---|---|
| ૧. | જન્મ | ૬૪ |
| ૨. | સગપણ જ્ઞાતિય | ૯૯ |
| ૩. | સગપણ આંતર જ્ઞાતિય | ૧૦૩ |
| ૪. | સગપણ જ્ઞાતિય છુટું | ૮ |
| ૫. | સગપણ આંતર જ્ઞાતિય છૂટું | ૨ |
| ૬. | લગ્ન જ્ઞાતિય | ૬૮ |
| ૭. | લગ્ન આંતર જ્ઞાતિય યુવક લગ્ન | ૨૧ |
| ૮. | લગ્ન આંતર જ્ઞાતિય યુવતી લગ્ન | ૧૯ |
| ૯. | લગ્ન જ્ઞાતિય છુટું | ૮ |
| ૧૦. | લગ્ન આંતર જ્ઞાતિય છૂટું | ૫ |
| ૧૧. | મરણ વય ૦ થી ૧૫ | ૧ |
| ૧૨. | મરણ વય ૧૬ થી ૩૫ | ૯ |
| ૧૩. | મરણ વય ૩૬ થી ૬૦ | ૯૨ |
| ૧૪. | મરણ વય ૬૦થી ઉપર | ૩૮૩ |
| ૧૫. | કુલ મરણ | ૪૮૫ |
| ૧૬. | સરેરાશ ઉંમર | ૬૯.૮૪ |

એક વરસમાં ૬૪ જન્મની સામે ૪૮૫ મરણ છે. ૭૯% મરણ ૬૦ વરસથી ઉપરની વયના થયા છે. જન્મ દર ૦.૨૦% અને મરણ પ્રમાણ ૧.૬૦% જેટલો છે. જેનું કારણ વધુ સંતાન સમયની પેઢી આથમી રહી છે. અને આ સમય હજુ લાંબો ચાલશે એટલે સંખ્યા તો ઘટી જ જશે, જ્યાં સુધી જન્મ દર મરણ દરને ઓવેરટેક ન કરે. વસતીનો આધાર બે વસ્તુ ઉપર રહેશે. જન્મનું પ્રમાણ અને મરણનું પ્રમાણ. કોઈ પણ દેશમાં જનસંખ્યાના વૃદ્ધિ દરને અસર કરવામાં જન્મદર ઉપરાંત પ્રજનનદર પણ મહત્વનો ભાગ ભજવે છે.૧૫ વરસથી ૪૯ વરસની પ્રજનન કરી શકે તેવી ૧૦૦૦ સ્ત્રી સામેનો જન્મ દર એટલે પ્રજનન દર. અગાઉ ૧૩-૧૪ વરસે લગ્ન થઈ જતાં જે ઉંમર હવે ૨૨-૨૫ની થઈ ગઈ છે અને ત્યાર બાદ તુરત જ સંતાન પરિણિત દંપતિઓ ઈચ્છતા નથી અને તેથી વાસ્તવિક પ્રજનન કાળ ઘણો ઘટી ગયો છે અને એટલે આ દરમાં ઘટાડો સ્વભાવિક છે. જે માટે આપણી જ્ઞાતિનું ડીએનએ કે આપણા યુવક યુવકોની પ્રજનન ક્ષમતામાં ઘટાડો કે નબળું સ્વાસ્થ્યને વસ્તી દર વસ્તી દર ઘટી રહ્યો છે તે તારણ કાઢવું ઉચિત નથી. ઉલટાનું વધતા આંતરજ્ઞાતીય લગ્નોને કારણે જીનેટિક વૈવિધ્ય તો વધ્યું હોવું જોઈએ.




પ્રજનન દરમાં ઘટાડો એ વસ્તી ઘટવાનું એક કારણ માની

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા - સુજાપર (ભાંડુપ)**

શકાય પરંતુ તે કેટલે અંશે આપણી જ્ઞાતિના ઘટાડાનું કારણ છે તે એક સંશોધનનો વિષય છે. ભારતનો ફર્ટીલીટી રેટ છેલ્લા ૩૦ વરસમાં ૨.૨% થી ઘટીને ૨% થયો છે. સામાન્ય રીતે એમ મનાય છે કે આ દર ૨.૧થી નીચે હોય તો તે ભવિષ્યમાં વસતિ ઘટાડાના સંકેત છે. સરેરાશ જેટલા બાળકો જન્મે તેને સરેરાશ આયુષ્ય ગુણતા જે આવે તે વસ્તી ભવિષ્યમાં રહે. સરેરાશ આયુષ્ય ઉપર ગયું છે તેથી ઘટતી સંખ્યાનું કારણ ઓછો જન્મ દર છે. જે માટે યુવા યુવતીઓનો બાળકો માટેનો અભિગમ બદલાય તે જરૂરી છે.

જ્ઞાતિનું વય પૃથકરણ નીચેમુજબ છેઃ

| વય | કુલ સંખ્યાના ટકા | હાલ |
|---|---|---|
| | વિ. સં. ૨૦૫૮ | વિ. સં. ૨૦૭૭ |
| ૦-૧૯ વરસ | ૨૫.૮૧ | ૧૫.૭૨ |
| ૨૦-૩૯ વરસ | ૩૩.૫૫ | ૨૮.૫૯ |
| ૪૦-૫૯ વરસ | ૨૮.૪૬ | ૩૨.૬૧ |
| ૬૦-૭૯ વરસ | ૧૧.૨૩ | ૨૦.૬૦ |
| ૭૯ વરસથી ઉપરના | ૦.૯૬ | ૨.૪૮ |

૩૯ વરસની વય સુધીની વ્યક્તિઓની સંખ્યા જે ભાવી સંખ્યાવૃદ્ધિનું સ્ત્રોત્ર છે તેની ટકાવારીમાં ૫૯.૩૬% થી ૪૪.૩૧% થઈ છે જે ૧૫.૦૫%નો ઘટાડો દર્શાવે છે. સામે વયસ્કોનું પ્રમાણ ખુબ વધી ગયું છે.

વસ્તી ઘટવાના ઘણાં કારણો હોઈ શકે છે. તેમાનાં થોડા કારણોઃ

૧) આગળના જમાનામાં વધુ બાળકો એ પોતાની મૂડી/અકસ્માયતો માનતા જ્યારે આજે વધુ બાળકોને જવાબદારી માનવામાં આવે છે. વળી એ જમાનામાં મોટું કુટુંબ ઉચ્ચ સામાજિક દરજ્જો તથા સામાજિક સલામતી પૂરાં પાડનારું ગણાતું જે પણ વધુ સંતતિનું એક કારણ હતું. ૫૦-૬૦ વરસ પહેલા દરેક પરિણીતા સ્ત્રી સરેરાશ પાંચ થી છ બાળકોને જન્મ આપતી જે દર હવે ૧થી ૨નો થઈ ગયો છે.

૨) તૂટતા સંયુક્ત કુટુંબોને લીધે બાળ ઉછેર મુશ્કેલ અને ખર્ચાળ બન્યો. સંયુક્ત કુટુંબ પદ્ધતિમાં બાળકોના ભરણપોષણ માટે માબાપને એકમ દીઠ બહુ જ ઓછો ખર્ચ કરવો પડે છે. પરિણામે બાળકોની મોટી સંખ્યા ભારરૂપ નહિ પરંતુ આશીર્વાદરૂપ ગણવામાં આવે છે. આજે સંયુક્ત કુટુંબો તૂટ્યો જેથી બાળકો ભારરૂપ લાગવા માંડ્યા.

૩) સ્ત્રી પુરુષ સમોવડી બની, વ્યવસાય, નોકરી માટે બહાર નીકળતી થઈ અને તેની પાસે બાળકોનો બોજ વેંઢારવાથી દૂર ભાગી રહી છે અને નાનું કુટુંબ પસંદ કરે છે જેથી પોતાની કેરિયર ઉપર વધુ લક્ષ આપી શકે.

૪) પહેલા શીશુ મરણનું પ્રમાણ ઘણું હતું તેમજ લોકોની સંતાન હોવાની જિજીવિષા ખૂબજ તેથી વધુ સંતાનો પેદા કરવાની ઈચ્છા રહેતી.

૫) અગાઉ બાળલગ્ન પ્રથા અને નાની વયના લગ્નને કારણે પણ જન્મ દર ઉંચો હતો. હવે કાયદેસર મહિલાના લગ્નની ઉંમર ૧૮ વરસની છે અને તેને ૨૧ વરસની કરવાની વાત છે.

૬) ગામડામાં રહેતા લોકોમાં શહેર કરતાં સંતાનનું પ્રમાણ વધુ હોય છે. હવે વધુને વધુ લોકો શહેરમાં જવાથી અને આર્થિક બોજ વધવાથી વધુ સંતાન પેદા કરવાની ઈચ્છા ઘટી. રહેઠાણ, મોંઘવારી, ખર્ચાળ આરોગ્ય અને શિક્ષણ, ખર્ચાળ બાલ ઉછેરનાં કારણે લોકો ઓછી સંતતિ પ્રત્યે પ્રેરાયા હોય.

૭) ફેમીલી પ્લાનીંગ અને ગર્ભનિરોધક સાધનોના વધેલ પ્રચારથી જન્મ પ્રમાણ ઘટ્યું. આપણી જ્ઞાતિએ કુટુંબ નિયોજનને વહેલું સ્વીકાર્યું. આરોગ્ય પ્રત્યે વધતી સભાનતા અને વધતું શિક્ષણનું સ્તર પ્રજનન દરમાં ઘટાડાનું કારણ બન્યા છે..

૮) પહેલા લોકો સંતાન થવાને ઈશ્વરીય દેન-સંજોગ (ચાન્સ) માનતા, જયારે હવે સંતાન થવાને પસંદગી (ચોઈસ) માને છે.

૯) આર્થિક કારણોને લીધે ઓછા સંતાનો તરફ વળવું સ્વભાવિક છે. વળી વ્યવસાયમાં ફેરફાર પણ કારણભૂત

**લગ્ન સંબંધી**

મુંબઈ સ્થિત ૧૯૮૬નો જન્મ સારી કંપનીમાં જૉબ ધરાવનાર માંગલિક યુવક માટે સંસ્કારી માંગલિક યુવતીના વડીલો ફક્ત મુંબઈ રહેનારા સંપર્ક કરે : **Mob.: 9920390386**

Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

હોઈ શકે છે. અગાઉ ખેતી જ મૂળ વ્યવસાય હતો જેમાં ઝાઝા હાથ રળિયામણા જેવું હતું. હવે વ્યવસાય બદલીને કારણે પણ ઓછા સંતાન હોવા તરફ સમાજ બદલાયો હોઈ શકે છે.

૧૦) લગ્ન અને સંતાન પેદા કરવાની વિમુખ જઈ રહેલો યુવા વર્ગ.

મારા મતે સમાજની સંખ્યા (Quantity) વધે તેના કરતાં તેની ગુણવત્તા (Quality) વધે તે વધુ મહત્ત્વનું છે. જ્ઞાતિ સારું, સુખી અને સન્માર્ગે જીવન જીવે તે વધુ અગત્યનું છે. જન્મદર પર મુખ્યત્વે આર્થિક, સામાજિક અને શૈક્ષણિ ત્રણ પરિબળો અસર કરતાં હોય છે. જ્ઞાતિજનોનાં જીવનધોરણ ઉંચુ આવે, સસ્તી અને સારી આરોગ્ય સેવા તથા શિક્ષણ, રોજગારી અને વ્યવસાયની તકો મળે, વધુ સંતાન બોજ છે તે વિચારસરણી બદલવાનો પ્રયાસો થાય તો લોકો વધુ સંતાનોનો બોજો વહન કરવા સક્ષમ  બનશે અને વધુ સંતતિ માટે પ્રેરાશે.

વસ્તી ઘટાડાને સમસ્યા ન માનતા જ્ઞાતિનું જીવન ધોરણ ઉંચુ લાવવું તે સમસ્યા સમજવી જોઈએ. તાજેતરમાં રાયચંદભાઈ ધરમસી તરફથી અપાયેલ સહાય માટે ૧૦૦૦૦ પરિવારોમાંથી ૨૫૦૦ પરિવારોએ સહાય માટે હાથ લંબાવ્યા હોય તો જ્ઞાતિનું જીવન ધોરણ કેટલું નીચું છે તે સમજી શકાય છે અને આવા સંજોગોમાં જન્મ દર વધારવું જેથી વસ્તી વધે તે ક્યાં સુધી ઈચ્છનીય છે તે એક વિચારવાનો પ્રશ્ન છે.

જૈન સમાજ દ્વારા એવા કપલ્સ જેમના બેથી વધુ બાળકો છે તેમને પ્રોત્સાહિત કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. દિગમ્બર જૈન મહાસમિતિની બેઠકમાં આ બાબતે ચર્ચા થઈ હતી. અને સૂત્ર આપવામાં આવ્યું કે દરેક જૈન કપલ હમ દો હમારે તીન સાથે વધુને વધુ બાળકો પેદા કરવા માટે પ્રયાસ કરે. તેમજ સમિતિએ આવા કપલ્સને જેમને ૨થી વધુ બાળકો છે તેમને નાણાંકીય સહાય આપવાની પણ જાહેરાત કરી છે. તેમજ જૈન સમાજમાં ડિવોર્સના બનાવ ઓછા કરવા કાઉન્સેલિંગની વ્યવસ્થા ઉભી કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. સમિતિએ તો નક્કી કર્યું જ છે કે તેમને ત્રીજા બાળકના ભણતરનો તમામ ખર્ચ સમિતિ ઉઠાવશે. જૈન યુવાનોને લગ્ન જીવન અંગે કાઉન્સેલિંગ આપવા માટે પ્રયાસ કરી રહ્યા છે. આ બાબતે પણ સમાજે વિચારવાનું રહ્યું.

**- રમેશ લોડાયા - ૯૮૨૦૩૩૬૭૬૭**


॥ શ્રી સુવીધીનાથાય નમઃ॥ ॥ શ્રી મહાવીરાય નમઃ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ॥

શ્રી જખૌ મહાજન Estd.1966

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન

Regestration No. A 1106 (Kutch) Date 28-9-1966

## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

Public Trust Regestration No. A 495-Kutch C.I.T.V. No.66 / J 30 / 74-75

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, તા. અબડાસા, (કચ્છ)-૩૭૦૬૪૦

જય જિનેન્દ્ર,

### જખૌ મહાજન અને શ્રી જખૌ રત્નકુંટ જિનાલય વતી સ્નેહમિલનનું બહુમાનપુર્વક નિમંત્રણ

જખૌવાસીઓ તથા નિયાણી બહેનોને સહપરિવાર બહોળી સંખ્યામાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

સ્નેહમિલન રવિવાર તા. ૬-૩-૨૦૨૨ના ઝવેરબેન પોપટલાલ ઓડીટોરીયમ, ઘાટકોપર (ઈસ્ટ) ખાતે સવારે ૯.૦૦ કલાકે સમયસર શરૂ કરવામાં આવશે. આપ સૌને સમયસર પધારવા નમ્ર વિનંતી. આ સંમેલનમાં આપણે હમણાં સુધી થયેલ કાર્ય અને ભવિષ્યના પ્લાનનું વિડિઓ પ્રેઝન્ટેશન નિહાળીશું.

નવકાર મંત્ર આરાધક શ્રી નરેન્દ્રભાઈ નંદુ તથા એમની ટીમ પોતાની આગવી શૈલીમાં જખૌવાસીઓને ગામ પ્રત્યેનું ઋણ અદા કરવા પ્રેરશે. આ સ્નેહમિલનમાં **જેઠ સુદ ૧૧ ને તા. ૧૦-૬-૨૦૨૨ના ૧૭૪મી ધજાના** અને અષ્ટપ્રકારી પુજાની સાધન સામગ્રી અને નૂતન અતિથિગૃહ માટે વિન્ગ દાતા, સ્ટોર રૂમ દાતા, પેન્ટ્રી રૂમના દાતા તેમજ નૂતન ભોજનશાળા માટે ભોજનખંડ, અન્નપૂર્ણા પાકગૃહ, સ્ટોર રૂમ, પાણી તથા છાસ રૂમના બાકી રહેલા ચડાવા લેવામાં આવશે.

❁❁❁ સ્નેહમિલનમાં સહયોગી દાતાઓના નકરા ❁❁❁

**ડાયમંડ દાતા રૂા. ૧,૦૦,૦૦૦/- ગોલ્ડન દાતા રૂા. ૫૦,૦૦૦/- સીલ્વર દાતા રૂા. ૨૫,૦૦૦/- આધાર સ્તંભ રૂા. ૧૧,૦૦૦/-**

દાતાઓને નમ્ર વિનંતી છે કે ઉદારદિલે સ્નેહમિલનમાં ફાળો લખાવશો. તા. ૨૮-૨-૨૦૨૨ સુધી નામ લખાવશો તો આપના નામનું બેનર સ્નેહમિલનના કાર્યક્રમ વખતે યોગ્ય સ્થળે રાખવામાં આવશે. પછી ૧૨ મહિના માટે તા. ૩૧-૩-૨૦૨૩ સુધી દેરાસરમાં બેનર યોગ્ય સ્થળે મુકવામાં આવશે.

નામ લખાવવા માટે સંપર્ક માનદ્ મંત્રી : **શ્રી જયંતિલાલ દેવશી મૈશેરી - 98197 48250**

સ્નેહમિલનમાં કોરોનાનાં સરકારી નિયમો અનુસાર પાલન કરવાનું રહેશે. • અનિવાર્ય સંજોગોના કારણે કાર્યક્રમમાં ફેરફાર કરવાના અધિકાર મહાજનશ્રીને રહેશે.



## શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ તેમજ માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરીવાર તરફથી

**૧૬ મી વર્ષગાંઠ ધ્વજારોહણ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ**

સંઘના સર્વે ભાઇઓ - બહેનો તથા સર્વે જ્ઞાતિજનોને જય જીનેન્દ્ર,

સહર્ષ જણાવવાનું કે શ્રી આદિનાથદાદાની અસીમ કૃપા તેમજ પુજ્ય ગુરૂભગવંતો અને પૂજનીય વડિલોના શુભાશિષથી આપણા ગામના જિનાલયની ૧૭ મી ધ્વજારોહણ મહોત્સવ સંવત ૨૦૭૮ ના મહા વદ ૧૪ મંગળવાર તા. ૦૧/૦૩/૨૦૨૨ ના શુભ દિને નિર્ધારિત થયેલ છે. **ધ્વજારોહણ પરિવારજનોના હસ્તે કરવામાં આવશે.**



આ ધ્વજા મહોત્સવનો ૨ દિવસીય કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

**તા. ૨૮/૦૨/૨૦૨૨ સોમવાર :**

ભરૂડીયા મુકામે આગમન, અઢાર અભિષેક, જાહેરપીરદાદાની ધ્વજા, સાંજે ચોવિહાર રાત્રે ૮.૩૦ થી જીતુભાઇ પાટણવાળા અને સાથીઓ દ્વારા ભક્તિ ભાવના, બપોરે ૩.૩૦ કલાકે ભરૂડીયા મુક્કામે પરિવાર દ્વારા નવનિર્મિત મુખ્ય પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

**તા. ૦૧/૦૩/૨૦૨૨ મંગળવાર :**

સવારના ૭.૦૦ કલાકે નવકારશી, સતરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધી ત્યા સાધર્મિક ભક્તિ.

તો આ પ્રસંગે સર્વે ગામવાસીઓ, બહેનો-દીકરીઓ, જ્ઞાતીજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

લી. શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ
તેમજ માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર

---

પરમધામ સાધના સંકુલની ધન્ય ધરા પર

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ **શ્રી રતિલાલજી મહારાજ સાહેબના** કૃપાપાત્ર સુશિષ્ય

દીક્ષા દાનેશ્વરી રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ **શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ** ના પરમ શરણમાં

# શ્રી ભાગવતી જૈન દીક્ષા મહોત્સવ

**20th FEBRUARY, 2022**

રવિવાર | સવારે 08:00 કલાકે

**સ્થળ : પરમધામ સાધના સંકુલ, પડઘા ટોલ નાકા, મુંબઇ - નાશીક હાઇવે, કલ્યાણ - ૪૨૧૬૦૧**



**મુમુક્ષુ**
**શ્રી પાયલબેન પનપારિયા**
(Age: 23 વર્ષ) B.Com

દાદી : રતનભાઇ દેવશી પનપારિયા
દાદા : દેવશી પદમશી પનપારિયા
ગામ : નાગ્રેચા

: ફોઈ :
દીનાબેન હિતેશભાઈ લોડાયા
ગામ : વારાપધર

નાની : ગુણવત્તી ચંદ્રકાંત ધરમશી
નાના : ચંદ્રકાંત ધનજી ધરમશી
ગામ : સુથરી

: ફુવા :
હિતેશભાઈ શશીકાંત લોડાયા
ગામ : વારાપધર

માતા-પિતા
શ્રી ઈમ્પલબેન મહેશભાઈ પનપારિયા
તથા સમસ્ત પનપારિયા પરીવાર

સમય પ્રવાહ

# જ્ઞાતિની સમસ્યા : વસ્તી, વિસ્થાપન અને વિરાસત



- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત મો.9978903247

થોડા મહિના પહેલાં પ્રકાશ સમીક્ષામાં આવેલ મારા લેખ 'શું જૈન ધર્મના વળતાં પાણી થઇ રહ્યા છે?'ના સંદર્ભમાં પાંચ ફોન આવેલ અને જેમાં મુંબઈમાં વસતા એક જ્ઞાતિજન જે એમના વતનના ગામમાં અગ્રણી છે, તેમણે આ લેખને સમયોચિત માનીને વિસ્તારથી વાત કરી અને હાલની પરિસ્થિતિથી અત્યંત વ્યથિત છે, તેમનું તો એવું માનવું છે કે ૨૦૩૦ પછી ખાસ કરીને કચ્છમાં શું પરિસ્થિતિ થશે તેની કલ્પના કરતાં જ થથરી જવાય છે. એ જ વિષયના સંદર્ભમાં આપણી જ્ઞાતિની વસ્તી, વિસ્થાપન અને વિરાસત સંબંધે જે વિષમતા પ્રવર્તમાન છે તે બાબત મારા વિચાર આ લેખ મારફતે રજુ કરૂં છું.

હાલના 'જ્ઞાતીમૈયા'ના અંક ૧૮૩માં વતનના વર્તમાન વિભાગમાં એક સમાચાર હતા, જે શબ્દશઃ આ પ્રમાણે છે. 'ખુબ જ ઉમદા ભાવનાથી અબડાસા તાલુકાના ડુમરા ગામે ૧૯૫૬માં રૂપિયા અઢી લાખનું દાન આપી શા. મુરજી નરશી પરિવાર દ્વારા ૧૫ બેડવાળી હોસ્પિટલ બાંધી આપી, તેનો કબ્જો કચ્છના સત્તાતંત્રને સોંપી ત્યારે ૧૫ શરતો સાથે દાતા અને કચ્છના ચીફ સેક્રેટરી બી.જી. ખાબડે સાથે કરાર થયા હતા. ત્યારે ૬૦ થી ૭૦ ગામો માટે ડુમરાની હોસ્પિટલ સંજીવની બની રહી હતી. દાતા પરિવારે મોબાઈલ ફરતું દવાખાનું ૫૦-૬૦ ગામોને સુવિધા મળે તે કાજે વાહન પણ સોંપ્યું હતું. પણ હવે તેની સેવાઓ શૂન્ય થઇ ગઈ છે. સર્જન તબીબ, એમ.બી.બી.એસ. તબીબ, ચાર નર્સ, ચાર આયા, ચાર વોર્ડ બોય સહીત ૨૧ જણનો સ્ટાફ દર્દીઓની શુશ્રુષા કરી. આ હોસ્પિટલે આરોગ્ય ક્ષેત્રે કચ્છમાં ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આજે હોસ્પિટલનું મકાન ખંડેર થઇ ગયું છે. તમામ લેબોરેટરી સાધનો ધરાવતી હોસ્પિટલનું સંચાલન ૧૯૬૩માં જિલ્લા પંચાયતને સોંપાતા ક્રમશ સેવાઓનો સંકેલો થતો ગયો. ૨૦૦૧ના ભૂકંપ પછી આ હોસ્પિટલ સદંતર બંધ કરી દેવાઈ છે.'

વર્ષ ૨૦૧૧ના ભારત સરકારના વસ્તી ગણતરી પ્રમાણે ડુમરાની સત્તાવાર વસ્તી ૨૮૧૩ છે. જે કદાચ હાલ 3000ની આજુબાજુ હોઈ શકે છે. આ હોસ્પિટલના દાતા કઈ જ્ઞાતિના હતા તેની માહિતી નથી પણ આ હોસ્પિટલનો ઇતિહાસ મેનેજમેન્ટની ભાષામાં જેને 'કેસ સ્ટડી' કહે છે તેવો છે. સૈદ્ધાંતિક રીતે ઇતિહાસ બદલી શકતો નથી, પણ કેટલીક વાર જે વાસ્તવિકતા હોય છે તેને રજુ કરાતી નથી અને મનઘડન કે કોઈ ચોક્કસ વિચારશૈલી પર આધારિત ઐતિહાસિક ઘટનાનું વિવરણ કરીને ઇતિહાસ તરીકે રજુ કરવામાં આવે છે. મોટા ભાગે દરેક વર્તમાન સરકાર, અગાઉની સરકાર (ખાસ કરીને જે અન્ય વિચારધારા કે અન્ય પક્ષની હોય) પર આ પ્રકારના આક્ષેપો કરતી જ હોય છે. પણ આ હોસ્પિટલના ઇતિહાસમાં એવું કંઈ હોવાની કોઈ જ શક્યતા નથી, તેથી આ કેસ સ્ટડીના જે તથ્યો મને નઝરે ચડેલ છે તે કદાચ પૂર્વગ્રહ રહિત, નક્કર અને વાસ્તવિક હોવાની શક્યતાઓ વધારે છે. ઇતિહાસ એ માત્ર ભવ્ય ભૂતકાળ અને ગર્વ લેવાની બાબત નથી, પણ જે ઘટના/ઘટનાઓ બનેલ છે તેનું તટસ્થ રીતે વિશ્લેષણ કરીને જે હકારાત્મક, સારા, સમયોચિત, વિષયોચિત, તર્કસંગત અને વ્યવહારોચિત પાસાઓ હોય તેને અપનાવીને વર્તમાનમાં અમલ કરવો; અને જે ખરાબ, નકારાત્મક કે બિનઉપયોગી પાસાઓ હોય તેનો ત્યાગ કરવો. આ શીખ માટેનો વિષય છે. એક પ્રસિદ્ધ વાક્ય છે કે 'ઇતિહાસનું પુનરાવર્તન થાય છે' જે કદાચ આપણી જ્ઞાતિના પૂર્વજો કે વડવાઓ માટે અનુભવસિદ્ધ અને યથાયોગ્ય છે, કારણકે આપણી જ્ઞાતિએ આનો અનુભવ પંજાબ, રાજસ્થાન, સિંધ અને કચ્છ આ સ્થાનોમાંથી સ્થળાંતર કરેલ છે જ્યાં એમણે ઉભી કરેલ અનેક સંસ્થાઓ અને અસ્ક્યામતો છોડવી પડી હશે.

હોસ્પિટલ એ તબીબી સેવા આપતી એવી સાર્વજનિક સંસ્થા છે, જે આબાલ, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ અને કોઈ પણ જ્ઞાતિ, કોમ કે ધર્મના લોકોને માટે અત્યંત ઉપયોગી આવશ્યકતા છે. તેમાં પણ ૧૯૫૬ના સમયમાં કચ્છ જેવા પ્રમાણમાં અવિકસિત જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં અને જે ૬૦ - ૭૦ ગામોને તબીબી સેવા અને સારવાર પુરી પડતી હોય તેવી સંસ્થા કે વ્યવસ્થા, માત્ર ૪૫ વર્ષમાં જ સમાપ્ત થઇ ગઈ. આ હોસ્પિટલમાં આધુનિક લેબોરેટરી અને જરૂરી કુશળ ડોક્ટરો, નર્સો વગેરે હતા તેથી સાધન કે સ્ટાફના અછત કે અભાવ એવી કોઈ સમસ્યા કદાચ નહિ હશે. સંપૂર્ણ હોસ્પિટલનું સંચાલન ૧૯૬૩થી જિલ્લા પંચાયત એટલે કે સ્થાનિક પ્રશાસનને હસ્તક હતું તેમ છતાં પણ આ હોસ્પિટલ બંધ થવાના બે શક્ય કારણો માની શકાય. પ્રસાશનની ઉદાસી અને આ સમગ્ર વ્યવસ્થા કે સંકુલને ચાલુ રાખવા કે નિભાવ માટેના ફંડનો અભાવ અથવા આર્થિક અક્ષમતા.

કોઈપણ વ્યવસ્થા કે સંસ્થાની જયારે સ્થાપના કરવાની હોય કે ચાલુ કરવાની હોય ત્યારે મુખ્યત્વે ત્રણ બાબતો પર વિચાર કરવામાં આવે છે, જેના ગુજરાતી પર્યાય કે સમાનાર્થી શબ્દના મળતાં અંગ્રેજી શબ્દોનો જ પ્રયોગ કરીશ (Feasibility, Viability and Sustainability.)

ફિઝિબિલિટી, વાઈએબીલીટી અને સસ્ટેઇનેબિલિટી. ફિઝિબિલિટી એટલે કે કોઈ પ્રકલ્પ કે સંસ્થા શરૂ કરવા માટેના જરૂરી સ્થાન, સાધન, સ્ટાફ જેવી આવશ્યક સુવિધાઓની ઉપલબ્ધિ. વાઈએબીલીટી એટલે આ પ્રકલ્પ ઉભો કરવા માટે જે રોકાણ કરવાનું છે, તે વ્યાજબી, ન્યાયસંગત કે તર્કસંગત છે, અને ઉપલબદ્ધ છે કે નહીં. અને સસ્ટેઇનેબિલિટી એટલે કે અમુક નક્કી કરેલ સમય ગાળા સુધી આ પ્રકલ્પ પોતાની સંભવિત અને અંદાજિત આવક દ્વારા અન્ય કોઈ આર્થિક સહાય વગર ચાલી શકશે કે કેમ? આ હોસ્પિટલના કિસ્સામાં કદાચ ત્રીજું પરિબળ એટલેકે સસ્ટેઇનેબિલિટી એ આ સંકુલને બંધ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવેલ હોય તેવું લાગે છે.

કચ્છમાં આપણી જ્ઞાતિની અનેક સંસ્થાઓ છે; જે પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા સંઘર્ષ કરી રહી છે, અને તેમને કાળક્રમે આ ત્રીજા પરિબળનો સામનો કરવો જ પડશે. કારણકે આપણી મોટા ભાગની સંસ્થાઓ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ છે; જે માત્ર દાન ઉપર જ નભે છે, તેથી મોડી કે વહેલી એવી પરિસ્થિતિનું સર્જન થશે જે તેના અસ્તિત્વ પર સવાલ કરશે. આ એક સર્વવ્યાપી સમસ્યા છે. આપણી જ્ઞાતિ માટે કદાચ આ બહુજ વિકટ અને પેચીદી સમસ્યા છે જેના કેટલાક કારણો મારા મંતવ્ય મુજબ આ પ્રમાણે છે.

**વસ્તી :** એતો હવે સર્વમાન્ય તારણ છે કે સમગ્ર જ્ઞાતિ સ્તરે આપણી સંખ્યા ઘટતી જાય છે. પણ ખાસ કરીને કચ્છ જ્યાં આપણી જેને ખરેખર જ્ઞાતિની સાર્વજનિક કહી શકાય તેવી બહુ અસ્ક્યામતો છે જેમાં દેરાસરો, મહાજનવાડી, ઉપાશ્રયો, પાઠશાળાઓ, અતિથિ ગૃહો, પાંજરાપોળો, દવાખાનાઓ વગેરે છે, અને જે બહુધા અબડાસા તાલુકામાં છે ત્યાંથી બહુ મોટા પ્રમાણમાં જ્ઞાતિજનોએ સ્થળાંતર કે વિસ્થાપન કરેલ છે તેથી આ બધી અસ્ક્યામતોની સીધી દેખરેખ અન્ય જ્ઞાતિના નોકરીમાં રાખેલ માણસો દ્વારા થાય છે જેના કારણે પગાર વગેરેના ખર્ચ વધે છે. ઉપરાંત મિલ્કતો જૂની થવાના કારણે તેનો રખરખાવનો ખર્ચ પણ વધે છે.

**વિસ્થાપનઃ** વિસ્થાપનના કારણે વિસ્થાપિત પરિવાર પર વતન અને હાલના રહેવાસના સ્થાને એમ બે જગ્યાએ ધાર્મિક અને સામાજિક ફંડ ફાળા આપવા જરૂરી થતાં અગાઉના પ્રમાણમાં જે દાન કે ફાળા આવતા હતા તે ઓછા થવાની પ્રબળ શક્યતાઓ છે. તે ઉપરાંત જે નવી પેઢી છે; તેમાંના મોટા ભાગના બાળકો કે યુવાનોની માતૃભૂમિ ભલે કચ્છ હોય, પણ તેમની જન્મભૂમિ અને કર્મભૂમિ કચ્છ ન હોવાથી તેમની ઊર્મિ, લાગણી કે ઉમળકો વતન પ્રત્યે હાલના વરિષ્ઠ જ્ઞાતિજનો જેટલો નહિ રહે તે સ્વાભાવિક છે. તેથી દિવસે દિવસે સંસ્થા કે સેવાના નિભાવ માટે આવકરૂપે આવતા ફંડ ફાળા ઓછા થવાની શક્યતાઓ વધારે છે.

**વિરાસતઃ** આપણી જ્ઞાતિની ઘણી સંસ્થાઓ અને સુવિધાઓ માત્ર અસ્ક્યામત નથી, પણ આપણને મળેલો વારસો, વિરાસત કે ધરોહર છે. અને તેની સાથે ભાવાત્મક સંબંધો તો રહે એ સ્વાભાવિક છે. તેથી કોઈ પણ જ્ઞાતિજન એવું જ ઈચ્છે કે આ સેવા અને સંસ્થા ચાલુ રહે. પણ ઇતિહાસ સાક્ષી છે કે ભાવના કે લાગણી અને અર્થશાસ્ત્ર વચ્ચેની લડાઈમાં મોટા ભાગે અર્થશાસ્ત્રની જ જીત થાય છે. માત્ર કચ્છ જ નહીં પણ મુંબઈ જેવા શહેરી વિસ્તારમાં અને જ્યાં આપણી જ્ઞાતિના સૌથી સમૃદ્ધ જ્ઞાતિજનો અને સૌથી વધારે વસ્તી છે ત્યાં પણ કેટલીક પૂર્ણ સાર્વજનિક અને કેટલીક આંશિક સાર્વજનિક (જ્યાં વપરાશ વ્યક્તિગત કે પારિવારિક છે અને માલિકી જ્ઞાતિના ટ્રસ્ટની છે અને વહીવટ સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓના હાથમાં છે) જ્ઞાતિની મિલ્કતો અને સંસ્થાઓ ખાસ કરીને રહેણાંકની મિલ્કતો જે પહેલાં અસ્ક્યામત હતી તે હવે કાલગ્રસ્ત થવાના કારણે જવાબદારી બનવા લાગી છે.

આ સ્થાને એક વિષયોચિત વાસ્તવિક ઘટના રજુ કરૂ છું. નવસારી શહેર તાતા ગ્રુપના આદ્યસ્થાપક શ્રી જમશેદજી તાતાની જન્મભૂમિ હોવાથી એમની સ્મૃતિમાં લગભગ ૬૦-૭૦ વર્ષો પૂર્વે તાતા ગ્રુપ દ્વારા રેલવે સ્ટેશન વિસ્તારમાં એક 'સ્ટીલ રોલિંગ પ્લાન્ટ' નાખવામાં આવેલ, જે એક લાગણીશીલ પગલું કે આયામ હતું. પણ કોઈ કારણસર શરૂઆતથી જ આ એકમ નફો કરતું ન હતું તેથી અનેક વાર તેને તાતા ગ્રુપના અન્ય નફાકારક એકમો સાથે જોડાણ કરીને ચાલુ રાખવાં પ્રયાસો કર્યા. એટલું જ નહીં નવસારીના સીમાડા પર બીજી જગ્યા લઈને ત્યાં આ એકમનો વિસ્તાર પણ કર્યો. પણ આ પ્લાન્ટ એક નફાકારક એકમ તરીકે સફળ ના થયું. આથી લગભગ ૧૫ વર્ષ પૂર્વે તાતા ગ્રુપે આ એકમને અને તેના સાથે સંકળાયેલી રહેણાંક અને અન્ય સુવિધાઓ વેંચી નાખી. આજે માત્ર જે મકાનમાં શ્રી જમશેદજી તાતા જન્મ્યા હતા તેને એક વિરાસત કે યાદગીરી તરીકે જાળવી રાખેલ છે.

ડુમરાની સાર્વજનિક હોસ્પિટલ જે બિનવાણિજ્યક કે બિન નફાજનક સંસ્થા હતી અને તાતા ગ્રુપનું નવસારી સ્થિત 'સ્ટીલ રોલિંગ પ્લાન્ટ' જે સંપૂર્ણ વાણિજ્યક એકમ હતું; આ બંનેના ઇતિહાસ પરથી એક શીખ જરૂર મળે છે કે ભવ્ય ભૂતકાળ કે અન્યત્ર સફળતા એ ક્યારેય કાયમી નથી અને વ્યકતિની જેમ સંસ્થાઓનું પણ જીવન ચક્ર હોય છે. સર્જન, સંવર્ધન અને અંતે વિસર્જન એ જ સનાતન સત્ય છે.

**છીપનું મોતીઃ** કાળના પ્રવાહમાં ઉદય, મધ્યાન અને અસ્ત એ એક અપવાદ વગરનો નિયમ છે.

આરોગ્ય પ્રકાશ

# આરોગ્ય માટે ચાલવું ખૂબ જ જરૂરી-૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), M : 8369077978



**પગ અને ચાલવા વિશે હવે જાણીએ થોડી હકીકતો :**

- આપણે દૈનિક ધોરણે વૃદ્ધ થતા જઈએ છીએ, વૃધત્વ પાછળ ઠેલવા આપણા પગ હંમેશા સક્રીય અને મજબૂત રહેવા જોઈએ.
- અમેરીકન લોકપ્રિય મેગેઝીન 'પ્રીવેન્સન'ના સારાંશ મુજબ લાંબા આયુષ્યના ચિહ્ન ચાલતા રહેવામાં અને પગમા મજબૂત સ્નાયુઓ રહેલા છે. ચાલતા રહેવું અને પગ મજબૂત હોવા એ આયુષ્ય વધારવાના ટોચ પરનો મુદ્દો છે અન્ય પરિબળો પછી આવે.
- જો આપણે આપણા પગને માત્ર બે અઠવાડીયા ચલાવીએ નહીં તો પગની વાસ્તવિક તાકાત ૧ વર્ષ સુધીની ઘટી જશે.
- ડેન્માર્કની 'કોપનહેગન' યુનિવર્સિટીના એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વૃદ્ધ અને યુવાન બન્ને માટે નિષ્ક્રિયતાના બે અઠવાડીયામાં જ પગના સ્નાયુની મજબૂતાઈ વાસ્તવિક હોય તેના કરતાં ત્રીજા ભાગ જેટલી નબળી પડી શકે છે, જે વૃદ્ધત્વના ૨૦-૩૦ વર્ષની સમકક્ષ છે.
- ઉંમર વધે તેમ આપણા પગના સ્નાયુ નબળા પડતાં જાય છે ખાસ કરી ૪૦ વર્ષ પછી (ત્યાં સુધી સ્નાયુઓનો વિકાસ થાય) પણ આપણે કસરત કરીએ તો પણ રીકવર થવામાં ઘણો સમય લાગે છે જ્યારે ચાલવાથી વધુ ફાયદો મળે.
- પગ એ એક પ્રકારનો આધારસ્તંભ છે જે માનવ શરીરનું સંપૂર્ણ વજન સહન કરે છે માટે જ પગના સ્નાયુઓ મજબૂત હોવા જોઈએ. આધારસ્તંભ મજબૂત તો ઈમારત પણ મજબૂત.
- વ્યક્તિના શરીરના ૫૦% હાડકા અને ૫૦% સ્નાયુઓ બે પગમાં હોય છે. માનવ શરીરના સૌથી મોટા મજબૂત સાંધા અને હાડકાં પગમાં હોય છે.
- વ્યક્તિના જીવનમાં ૭૦% પ્રવૃત્તિ અને ઉર્જાનો વપરાશ બે પગ દ્વારા કરવામાં આવે છે.
- બન્ને પગમાં સાથે મળીને માનવ શરીરની ૫૦% ચેતાઓ (મજ્જાતંતુ-Nerves) ૫૦% રક્તવાહિનીઓ હોય છે અને તેમાં ૫૦% લોહી વહે છે, તે સૌથી મોટું રૂધિરાભિસરણ નેટવર્ક છે. જે શરીરની સાથે જોડે છે.
- પગના સ્નાયુઓ મજબૂત હોય તેવા લોકો ચોક્કસપણે મજબૂત હૃદય ધરાવે છે. પગ તંદુરસ્ત હોય ત્યારે લોહીનો પ્રવાહ સરળ રીતે વહે છે.
- વૃદ્ધત્વ પગથી ઉપર તરફ શરૂ થાય છે. યુવાન હોય તેના કરતાં વ્યક્તિ વૃદ્ધ થાય તેમ તેમ મગજ અને પગ વચ્ચે સુચનાઓની આપ-લેની ચોક્સાઈ ઘટે છે.
- પગની કસરત માટે ક્યારેય મોડું થતું નથી. ૬૦ વર્ષની વય પછી પણ ચાલવાની કસરત ચાલુ કરી શકાય.
- આમ આ સર્વ હકીકતો દર્શાવે છે કે ૪૦ વર્ષની ઉંમર પછી નિયમિત દરરોજ ઓછામાં ઓછું ૩૦ થી ૪૦ મિનીટ (૧૦૦૦ પગલાં) ૩૬૫ દિવસ ચાલવું જોઈએ, પગને નિયમિત રીતે મજબૂત કરીને, ઓછામાં ઓછું ૩૦-૪૦ મિનીટ ચાલીને આપણે આપણા વૃદ્ધત્વને બની શકે તેટલું ટાળીએ.

## ક.દ.ઓ. નાટ્યકર્મીઓને નમ્ર નિવેદન

ક.દ.ઓ. જ્ઞાતિના જે પણ જ્ઞાતિજન રંગભૂમી તથા ફિલ્મ જેવા મનોરંજન માધ્યમ સાથે સંકળાયેલા હોય તેમણે પોતાની પ્રવૃત્તિ તથા કારકિર્દી વિશેની માહિતી સોમ ધરમશી-૯૭૨૬૭ ૭૬૬૨૭નો સંપર્ક સાધી તેમને આપવી જેથી પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતી લેખમાળામાં સમાવિષ્ટ કરી શકાય.

- લી. તંત્રી મંડળ

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી તેજલબેન રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) - મોટી સીંધોડી (સાયન)

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી પારોલાતીર્થે ક.દ.ઓ. સંઘોનું સ્નેહમિલન

શ્રી પારોલાતીર્થે યોજાયેલ શ્રી ક.દ.ઓ. સંઘોના સ્નેહ મિલનનો પ્રારંભ નિશ્રાદાતા પ.પૂ. સંયમગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના ગુરૂવંદન એવમ માંગલિકથી થયેલ. ખાનદેશરત્ના પ.પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા.એ પ્રાસંગિક પ્રવચન ફરમાવેલ. સમસ્ત સંઘોના હિત. ઉત્કર્ષ અને રક્ષા માટે શું શું આવશ્યક છે એ વાત સમજાવી. પારોલા શ્રી સંઘે પધારેલા સંઘોનું સ્વાગત કરી કોરોનાના માહોલમાં પણ કચ્છ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્નાટકથી પધારેલ વિવિધ સંઘોની હાર્દિક અનુમોદના કરી. સંઘોના પ્રતિનિધીઓએ પોતાની સમસ્યાઓ જણાવી. બધાની સમસ્યાઓનો સાર આ પ્રમાણે હતો.

- ગામમાં વસ્તી ઘટી રહી છે. • યુવાવર્ગ દેરાસર-ઉપાશ્રય વહીવટથી દુર થતાં જાય છે. • સાધારણ ખાતે ખોટની પૂર્તિ મુશ્કેલ બની છે. • આપણી સ્થાવર જંગમ મિલ્કતોના દસ્તાવેજ તથા બંધારણ મજબુત કરવા જરૂરી છે.

પધારેલ વડીલ શ્રાવકો એવમ સંઘોના પ્રતિનિધિઓ તરફથી એ માટે સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું જેનો સાર નીચે મુજબ હતો.

- ગામમાં કોઈક ઉદ્યોગ ઉભા થાય તોજ વસ્તી વધી શકે. એ માટે સ્થાનિકે પ્રયત્ન કરવા આવશ્યક ગણાય. નિવૃત્ત અને વડીલો ગામમાં સ્થાયી થાય એ માટે પ્રાયઃ બધા ગામોમાં પ્રયત્ન ચાલુ છે.
- શ્રી સંઘોના કાર્યોને પહોંચી વળવા ગામોગામ યુવાનોને આમંત્રિત કરવામાં આવે. એમને કારોબારીમાં સ્થાન આપવામાં આવે. એમની રૂચી અને આવડત અનુસાર જવાબદારી સોંપવામાં આવે તો યુવાનો અવશ્ય જોડાશે. એ માટે વિવિધ સ્થળે શિબીરોનું આયોજન થાય. ટ્રસ્ટીઓ માટે પણ શિબીરો થાય એવી માંગણી કરવામાં આવી. પારોલા શ્રી સંઘે શિબીર આયોજનની ભાવના વ્યક્ત કરી.
- ગામેગામ યુવક મંડળોની સ્થાપના થાય તો ધર્મ સંસ્કાર પામી યુવાનો આગળ આવશે. તપોવન જેવી એકાદ સંસ્થા જો જ્ઞાતિ ઉભી કરે તો ભવિષ્યમાં આ પ્રશ્નોનો ઉકેલ સહજ પ્રાપ્ત થાય.
- સાધારણ ખાતાને મજબુત કરવા વિવિધ સંઘોમાં જે પ્રયત્નો ચાલુ છે તે બાબતો જણાવી.

શાસનના મોટા પ્રસંગોમાં (પ્રતિષ્ઠા, દિક્ષા, મહોત્સવો) સાધારણ માટે લાખેણા દાતા કરવા. પરિવારમાં જન્મ, લગ્ન, જન્મદિવસ, લગ્નદિવસ એવમ્ વડીલોની સ્મૃતિમાં વારે-તહેવારે શ્રીસંઘને યાદ કરીને પોતાના ગામના સાધારણ ખાતાને મજબુત કરવું. કાયમી સાધારણ ખાતુ મજબુત બને એ માટે ભાડાની આવક થાય એવું કાંઈક આયોજન કરવું. બાર મહિનાના સાધારણના નકરા રાખી બાર નામ લઈ બોર્ડ ઉપર લખવા. અષ્ટપ્રકારી પૂજાના નકરા કે ચઢાવા લેવા. સાધારણ ખાતાને મજબુત કરવા એવા અનેક સુચનો કરવામાં આવ્યા. કચ્છ એવમ્ દેશાવરના દસ્તાવેજો અને બંધારણો સુવ્યવસ્થિત કરવાની ઘણી આવશ્યકતા હોવાથી એ માટે શ્રી ક.દ.ઓ. એપેક્સ કમિટીની રચના કરવામાં આવી. પૂજ્યશ્રી દ્વારા માર્ગદર્શન પામી સ્નેહમિલનનું સમાપન કરવામાં આવ્યું.

શ્રી પારોલા સંઘ દ્વારા પધારેલા સંઘ પ્રતિનિધિઓનું બહુમાન કરી આભાર વ્યક્ત કરવામાં આવેલ. પારોલા સંઘના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો એવમ્ સ્થાનિક રહેવાસીઓએ કાર્યક્રમની સફળતા માટે સારી જહેમત ઉઠાવી અનુમોદનીય સેવા આપી.

### અર્હમ ફાઉન્ડેશન સંઘભક્તિ અભિયાન

અર્હમ ફાઉન્ડેશન ટ્રસ્ટ મુંબઈ આયોજિત સંઘભક્તિ અભિયાનના અન્વયે શ્રી ગુણોદય મુક્તિ જય દિવ્ય આશિષે ખાનદેશરત્ના પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ક.દ.ઓ. શ્રી સંઘમાં પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજાના ચઢાવા-નકરાની જરૂરત પ્રમાણે ૯ સંઘ ભક્તિનો લાભ લેવાનું આહ્વાન કરવામાં આવ્યું છે. લાભોત્સુકોને શ્રીમતી દીપ્તીબેન શાહ (9870265466) અને કલ્પનાબેન લોડાયા

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

(9993731500)નો વ્હોટ્સએપ પર સંપર્ક કરી વાસક્ષેપ, સુખડ, બરાસ કેસર, ઘી, કપૂર, અગરબત્તી, અંગલૂછણા, વાળાકૂંચી, મોરપીંછી, પીંજણી, વાટ, પાટ લૂંછણા, ટુવાલ વગેરેના ચઢાવા માટે સંપર્ક કરવા વિનંતી.

### સુથરી જૈન સંઘ ધ્વજા મહોત્સવ

પંચતીર્થીના એક મહત્ત્વપૂર્ણ તીર્થ ઘૃતક્લોલ પાર્શ્વનાથ જિનાલય સુથરીના ૧૮૪મા ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે શ્રી સુથરી જૈન સંઘનું આમંત્રણ છે, ધ્વજા મહોત્સવ તા. ૮મે ૨૦૨૨ તિથી વૈશાખ સુદ આઠમના શુભદિને યોજાશે. જયારે ભલારા દાદાની ધ્વજાનો મહોત્સવ તા. ૯.૫.૨૦૨૨ના દિને નિર્ધારિત છે.

### બિપીનભાઈ નાગડાને મહાઉદ્યોગરત્ન ઍવોર્ડ

જાણીતા વીમા વ્યવસાયીક બિપીનભાઈ નાગડાને હાલમાં જ ભારત એટીએમ પ્રાયોજિત 'મહાઉદ્યોગરત્ન' ઍવોર્ડ વિખ્યાત મરાઠી અભિનેત્રી સોનાલી કુલકર્ણીના હસ્તે પ્રદાન કરવાની જાહેરાત થઈ છે. અન્ય પ્રાયોજકોમાં ન્યુઝ-૧૮, લોકમત, સીએનબીસી વગેરેનો સમાવેશ થાય છે.

## મૈશેરી નુખના શ્રી આશાપુરા મા ને નમતા ભાવિકોને સાદર આમંત્રણ

જખૌ સ્થાનકે શ્રી ભલારા દાદાના ભુઆની ગંધિ તથા પાંચમી પહેડી પ્રસાદ પ્રસંગે આપ સહુને પધારવાનું સપ્રેમ આમંત્રણ.

કચ્છ જખૌ નીમ ફરિયામાં બિરાજમાન શ્રી આશાપુરા માતાજીને નમતા મૈશેરી કુટુંબના ભાવિકોને જણાવવાનું કે ચૈત્ર સુદ ૧૪ તા. ૧૫ એપ્રિલ ૨૦૨૨ તથા ચૈત્ર સુદ પૂનમ તા. ૧૬ એપ્રિલ ૨૦૨૨ આમ બે દિવસના કાર્યક્રમનું આયોજન રાખેલ છે. સર્વે ભાવિકોને તથા નિયાણીઓને સહકુટુંબ જખૌ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. બધા જ ભાવિકોને તા. ૧૪ એપ્રિલ ૨૦૨૨ સાંજ સુધી જખૌ આવી જવા વિનંતી.

- : કાર્યક્રમની વિગત :-

**૧) ચૈત્ર સુદ ચૌદસને શુક્રવાર તા. ૧૫.૪.૨૨ના સવારે ૯ કલાકે પાંચમી પહેડી શ્રી ભરત ગોવિંદજી મૈશેરી-જખૌ હાલે હાલોલ તરફથી સાંજે ૭.૩૦ કલાકે ભલારા દાદાનું પાઠ.**

**૨) ચૈત્ર સુદ પૂનમને શનિવાર તા. ૧૬.૪.૨૨ના સવારે ૯ કલાકે શ્રી ભલારા દાદાના ભુવાશ્રીની ગંધિ બદલવાનો કાર્યક્રમ.**

બે દિવસના કાર્યક્રમનું આયોજન કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે રહેશે.

**લી. ભોઈમા રાજુલા રમેશ મૈશેરી (જખૌ)**

**સંપર્ક :**
**શ્રી રમેશ વેલજી મૈશેરી મો.: 9825549939**
**શ્રી મહેન્દ્ર ઉમરશી મૈશેરી મો.: 9967150987**

## વતનના વર્તમાન

સંકલન : **કેસરસિંહ ખોના**

### ગ્લોબલ કચ્છ દ્વારા અબડાસામાં જલ સંરક્ષણ

કચ્છમાં વરસાદી જલ સંરક્ષણ અને વૉટર હોર્વિસ્ટીંગના પ્રયાસ 'ગ્લોબલ કચ્છ' સંસ્થા દ્વારા હાથ ધરાયા છે. આ યોજનાના પ્રથમ ચરણમાં અબડાસા અને નખત્રાણા તાલુકાના ૧૫૦ થી વધુ ગામોમાં પાણી સંગ્રહ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આયોજન મુજબ ૩૧મે સુધી તળાવ ઊંડા કરવા, ચેક ડૅમ બનાવવા તથા કુવા રીચાર્જ કરવા માટે હરીફાઈ પણ શરૂ કરાઈ છે.

### કચ્છની કાજલ સ.પા. તરફથી ચૂંટણી જંગમાં

મૂળ ભચાઉના નેર ગામની અભિનેત્રી કાજલ ઉત્તરપ્રદેશની સમાજવાદી પાર્ટી તરફથી ગોરખપુર સંસદીય ક્ષેત્રના મત વિસ્તાર કોમ્પીયરગંજથી ચૂંટણી જંગમાં ઉતારવામાં આવી છે.

'લાપતા ગંજ', 'ઈશ્ક કા રંગ સફેદ', 'તનુ વેડ્સ મનુ' વગેરે ફિલ્મ અને સીરીયલમાં અભિનય કરી ચુકેલી કાજલે ભોજપુરી ફિલ્મ નિર્માતા સંજય નિષાદ સાથે લગ્ન કરી ઉત્તર પ્રદેશને વતન બનાવ્યું છે.

### વજા ભગતની ઝુંપડીનો વિકાસ

કચ્છી ગીતાના રચનાકાર વજા ભગતની માંડવીના કાઠડા ગામે આવેલી ઝુંપડી પરિસરનો વિકાસ કરવા માટે ગામના સરપંચ સોનલબેન ગઢવીએ બીડું ઝડપ્યું છે. આ પ્રસંગે વિવિધ કલાકારોનું બહુમાન કરવામાં આવ્યું હતું. સાથે જ ૩૩મી નિર્વાણ તિથિએ કચ્છ ભજન સંધ્યાનું આયોજન પણ કરાયું હતું.

### દેવજી માહેશ્વરીને રાષ્ટ્રીય કલારત્ન ઍવોર્ડ

હાલમાં રાજસ્થાનના ટોંકમાં યોજાયેલા ૧૫મા રાષ્ટ્રીય ચિત્રકલા પ્રદર્શનમાં ૧૦ રાજ્યોના કુલ ૨૫૦થી વધુ ચિત્રકારોએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીધામ કચ્છના દેવજીભાઈ માહેશ્વરીના દિવંગત સીડીએસ જનરલ બિપીન રાવતની તસ્વીરની જીવંત કળાને અનુલક્ષી રાષ્ટ્રીય કલારત્ન ઍવોર્ડ એનાયત કરાયો હતો.

આ કલા પ્રદર્શન ડિસેમ્બર ૨૯ થી ૩૧ના દિવસો દરમિયાન યોજાયું હતું. દેવજીભાઈ માહેશ્વરીનું મૂળ વતન અબડાસાનું બિટીયારી-રવા ગામ છે. પ્ર.સ.ના અભિનંદન.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). પરિવર્તન સંસારનો નિયમ છે.**

## રાજ પરિવારની ત્રૈંઈજાર ધામ યાત્રાની પરંપરા

ભુજ તાલુકાના રાયધણપર નજીકના ઐતિહાસિક ત્રૈંઈજાર ધામની યાત્રા કરી રાજ પરિવારે અંદાજે ૮૨૨ વર્ષ જૂની પરંપરાને વિધિવિધાનપૂર્વક નિભાવી છે.

ઈતિહાસના પાને મળતી નોંધ મુજબ જામ રતા રાયધણજીએ માતૈદેવના આશિર્વાદ મેળવી યુદ્ધમાં કેવરો સામે વિજય મેળવ્યો હતો. તત્પશ્ચાત કચ્છની પહેલી રાજધાની લાખિયાર વીરા ખાતે માતૈદેવે રતા રાયધણજીને પાઘ-સોપારી બાંધી રક્ત તિલક કરી રાજગાદીએ બેસાડ્યા. આ પ્રસંગની યાદગીરીરૂપે જામ રતા રાયધણજીએ ત્રૈંજારધામની યાત્રા કરી સ્થાપિત કરેલી પરંપરા કચ્છના જાડેજા રાજવી વંશે જાળવી રાખી છે.કચ્છ રાજવંશના મોભી હનુવંતસિંહજીએ ગત તા. ૧૩.૬.૨૧ના દિને પરંપરા મુજબ રાજગુરૂ માતંગદેવના વંશજ હસ્તે રક્તતિલક કરાવી કચ્છના તખ્તે વિરાજમાન થયા બાદ ગત પોષ વદ બીજના દિને સપરિવાર ત્રૈંઈજાર ધામની વિધિવત યાત્રા કરી. આ યાત્રા ધામે ગાદીનશીન થયેલા રાબાવા હનુવંતસિંહજીએ પરિવાર સહિત ત્રૈંઈજાર યાત્રાધામે ૬૪ જોગણી, બાવન વીર અને આઠ ભૈરવને નમન કરી સદીઓ જૂના ઐતિહાસિક જાર વૃક્ષને રાજતિલાટ ગોર અને ત્રૈંજારધામના પૂજારી માતંગ ધરમશી લાલણના માર્ગદર્શનમાં જળસિંચન કર્યું હતું.

## એક અચંબો બાજરીયા રીંગણાની કમાણી

સામાન્યપણે ઓછા માનીતા રીંગણાનું શાક નવી પેઢીને શું એમના પેરેન્ટ્સ પણ પસંદ ના કરે. પંજાબી રીંગણાના ભરતાં કે ઓળાની વાત અલગ. આ વરસે કચ્છની વાડીઓના વિસ્તારમાં રીંગણાએ ખેડૂતોના દી વાળી દીધા છે. બારે માસ રીંગણાની પેદાશ મળતી રહે એવા સાવ મફતીયા ગણાતા રીંગણાનો ફાલ બે મહિને આવે. આ વખતે એ રીંગણા રૂા. ૧૨૦ થી ૧૫૦ના ભાવે વેચાયા. કચ્છી બાજરીયા સિવાયની જાતોમાં કાલા ગોટા, સંભારિયાના નાના રીંગણા, સોરઠના ભરથારા રીંગણાએ ખેડૂતોને મોજ કરાવી દીધી છે.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Kirit Velji Khona** (PS - 3664)
601, Parvati Heights,
Near Anand Nagar Garden,
Pandit Dindayal Road,
Dombivli (West) MH 421 202
M : 99201 00544.

**Smt Manjula HIrachand Dand** (PS - 2043)
901, 9th Floor, Neptune Florencia,
Valji Ladha Road and P.K. Road Junction,
Opp. Kalidas,
Mulund (West) MH - 400 080
M : 93228 49362 / 93224 95969 - HItesh

**Smt Lata Mukulesh Khona** (PS - 1667)
B-602, Vardhaman Nagar,
Dr. Rajendra Prasad Road,
Mulund (West), MH - 400 080
M : 99693 23221.

**Shri Vivek Paresh Jiwani (Munvar)** (PS-7263)
C-401, AND Agasan Lotus CHSL,
Agasan Village, Near Agasan Railway Phatak,
Diva (East) Thane. MH - 400 612.
M : 99203 53128 /99875 52319.

**Smt Taraben Jivraj Khona** (PS - 5303)
C/o. Mayur v. visariya
2404, Saket Saiyam Towers,Sumeru Block,
Kapra, Hyderabad, AP - 500 103.
M : 83281 75975.

**Shri Kanti Govindji Momaya** (PS - 183)
12, Krushnabai Niwas, 2nd Floor,
Star Colony, Manpada Road,
Behind Saibaba Mandir,
Dombivali (East) MH 421 201
M : 98708 01982

**Shri Vijay Meghji Momaya** (PS - 1415)
A-1803, Vera Tower, Atmosphere,
Mulund Goregaon Link Road,
Near Fortis Hospital,
Mulund (West) MH - 400 080
M : 99674 91110.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

| જીવન ચક્ર |
|---|

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૫.૨૦૨૧ | અમદાવાદ | પર્વ, પ્રિયંકા ઉમેશ મુનવર | કોઠારા | જોડીયા પુત્ર |
| | અમદાવાદ | પાર્શ્વ, પ્રિયંકા ઉમેશ મુનવર | કોઠારા | જોડીયા પુત્ર |
| ૨૨.૧૨.૨૦૨૧ | મુલુંડ | હિયાન, હેમાંગી હર્ષ મૈશેરી | નાની સિંધોડી | પુત્ર |
| ૨૩.૧૨.૨૦૨૧ | ડોંબિવલી | હર્ષ, ડિમ્પલ દિપેશ લોડાયા | દલતુંગી | પુત્ર |
| ૨૬.૧૨.૨૦૨૧ | સાયન | કાયરા, ક્રિના સમર્થ લોડાયા (શાહ) | મોટી સિંધોડી | પુત્રી |
| ૦૪.૦૧.૨૦૨૨ | ડોંબિવલી | જીયાંશી, કોમલ રૂપેશ દંડ | લાલા | પુત્રી |
| ૨૨.૦૧.૨૦૨૨ | અમદાવાદ | માહી, મિતલ તુષાર સાંયા | સુજાપુર | પુત્રી |
| ૨૨.૦૧.૨૦૨૨ | મુલુંડ | માહિર, રિધ્ધિ, ધવલ કિરણ લોડાયા | સુથરી | પુત્ર |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૧.૨૦૨૨ | આદીપુર | નિરવ મહેશ ખીમજી લાલકા | વારાપધર | ૩૧ |
| | ડોંબિવલી | હેતલ મહેન્દ્ર કાંતીલાલ ધરમશી | સાંધાણ | ૨૭ |
| ૧૬.૦૧.૨૦૨૨ | નાહુર | ધવલ કિરણ લાલજી દંડ | પરજાઉ | ૨૯ |
| | ડોંબિવલી | દિપાલી મુકેશ હિરાચંદ શિયાલ | જખૌ | ૨૬ |
| ૧૬.૦૧.૨૦૨૨ | મુલુંડ | પ્રતિક પ્રવીણ ધનજી લોડાયા | મોટી સિંધોડી | ૨૭ |
| | ડોંબિવલી | ખ્યાતિ શૈલેશ ગોવિંદજી ધરમશી | સાંયરા | ૨૪ |
| ૧૬.૦૧.૨૦૨૨ | અંજાર | પ્રિયંક હરેશ દામજી વિકમશી | પરજાઉ | ૨૭ |
| | ઔરંગાબાદ | મયુરી કેતન શરદ લોડાયા | સાંયરા | ૨૬ |
| ૨૪.૦૧.૨૦૨૨ | USA | કુણાલ રાજેશ રાયચંદ ખોના | સુથરી | ૨૯ |
| | બેંગ્લોર | રીચાલી વિનોદ દેવજી મૈશેરી | નલિયા | ૨૭ |
| ૨૮.૦૧.૨૦૨૨ | મલાડ | હિરેન કિરણ ગોવિંદજી ધુલ્લા | બાંધીયા | ૩૨ |
| | ડોમ્બીવલી | જીનલ હીરાચંદ ધનજી છેડા | નલિયા | ૨૯ |
| ૨૮.૦૧.૨૦૨૨ | જામનગર | સંગીત વિજય ભવાનજી ખોના | મોટી ખાવડી | ૩૦ |
| | ગોરખડી | હેમાંશી લક્ષ્મીચંદ કરમશી લોડાયા | ગોરખડી | ૨૭ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૧.૨૦૨૨ | ડોમ્બીવલી | રાકેશ નારણજી લખમશી ખોના | વરાડિયા | ૨૭ |
| | ડોમ્બીવલી | ચાંદની જીવધન તીર્થરાજ ચૌહાણ | ગોરખપુર | ૧૮ |
| ૨૧.૦૧.૨૦૨૨ | અંતરજાલ | પરેશ પંજક હંસરાજ દંડ | લાલા | ૨૭ |
| | મોટા અંગીયા | પ્રિયા રસિકલાલ ભાઈલાલ શાહ | મોટા અંગીયા | ૨૬ |
| ૨૩.૦૧.૨૦૨૨ | કોપર ખૈરાને | રાજ શંકરલાલ તુલસીદાસ જોશી | બુટ્ટા | ૨૬ |
| | વાશી | કિંજલ પીયુષ લક્ષ્મીચંદ છેડા | જસાપર | ૨૪ |
| ૨૬.૦૧.૨૦૨૨ | નવી મુંબઈ | રાજ શંકરલાલ તુલસીદાસ જોષી | બુટ્ટા(કચ્છ) | -- |
| | નવી મુંબઈ | કિંજલ પિયુષ લક્ષ્મીચંદ છેડા | જસાપુર | ૨૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૧.૨૦૨૨ | ઔરંગાબાદ | હર્ષ મથુરાદાસ કાનજીભાઈ ભાનુશાલી | બીતીયાર(કચ્છ) | -- |
| | ઔરંગાબાદ | યામિની કમલેશ વિશનજી મોતા | સુથરી | ૨૬ |
| ૩૦.૦૧.૨૦૨૨ | પુના | ગૌતમ સુશીલ તરસપાલ જૈન | બારૌત(યુપી) | -- |
| | પુના | તેજલ અજય વીરચંદ દંડ | તેરા | ૩૦ |
| ૦૨.૦૨.૨૦૨૨ | ડોમ્બીવલી | ભરત રાજેશ શામજી લાપસિયા | રંગપુર | ૨૮ |
| | દિવા | પ્રીતિ બિજેન્દ્રનાથ શ્રીપત શર્મા | મઉ | ૨૮ |
| ૦૨.૦૨.૨૦૨૨ | ઘાટકોપર | કરણ મુલરાજ ગોવિંદજી છેડા | નલિયા | ૩૪ |
| | નવી મુંબઈ | કંચન મોહન લાખા રાઠોડ | થુરડી | ૩૨ |
| | | **જ્ઞાતિ સગપણ છુટા** | | |
| ૦૬.૧૨.૨૦૨૧ | પુણે | સૂચિત મુકેશ રતનશી દંડ | તેરા | ૩૧ |
| | ઘાટકોપર | ભુમીતા કિરીટ લાલજી ગાલા | કોટડી | ૩૦ |
| | | **જ્ઞાતિ લગ્ન** | | |
| ૧૧.૧૨.૨૦૨૧ | દીવા | બ્રીજેશ હિરેન લાપસીયા | કોઠારા | ૨૯ |
| | ડોંબિવલી | નેહલ ગુલાબ છેડા | સુથરી | ૨૪ |
| ૨૧.૧૨.૨૦૨૧ | કાંજુરમાર્ગ | રૂષભ હિરેન સોમચંદ લોડાયા | જખૌ | ૨૬ |
| | કાંજુરમાર્ગ | લબ્ધી ધનપાલ મુલજી મોતા | તેરા | ૨૩ |
| ૨૭.૧૨.૨૦૨૧ | આદિપુર | રોનક પ્રતાપ આણંદજી મોતા | રાપર | ૨૭ |
| | માટુંગા | હર્નીષા ચંદ્રેશ કેશવજી ચુરલા (શાહ) | સાંધાણ | ૨૭ |
| ૨૮.૧૨.૨૦૨૧ | ડોંબિવલી | તેજસ પ્રવીણ કુંવરજી મોતા | સાંધવ | ૨૯ |
| | ડોંબિવલી | એકતા લહેરચંદ નરશી લોડાયા | રાપર | ૨૪ |
| ૨૦.૦૧.૨૦૨૨ | બેલ્લારી | જતિન ચેતન સોમચંદ મુનવર | જખૌ | ૨૭ |
| | ખંડવા | સિધ્ધી સંજય દામજી ધુલ્લા | સુથરી | ૨૬ |
| ૨૩.૦૧.૨૦૨૨ | તેરા | હિતેશ સુરેશ ધનજી લોડાયા | તેરા | ૨૫ |
| | વરાડીયા | ખુશ્બુ વિનોદ કરમશી મોમાયા | વરાડીયા | ૨૭ |
| ૨૩.૦૧.૨૦૨૨ | વરાડીયા | બ્રીજેષ વિનોદ કરમશી મોમાયા | વરાડીયા | ૨૪ |
| | તેરા | હિતાશ્રી મહેશ આશારીયા મોતા | જશાપુર | ૧૮ |
| ૨૪.૦૧.૨૦૨૨ | હુબલી | અમર લહેરચંદ નરશી મોમાયા | સાંયરા | ૩૪ |
| | ડોંબિવલી | અક્ષિતા મહેન્દ્ર મણસી દંડ | સાંધવ | ૨૮ |
| ૨૫.૦૧.૨૦૨૨ | ધ્રુફી | મીત મધુકાન્ત ગોવિંદજી મોતા | ધ્રુફી | ૨૫ |
| | --- | ઉર્વી વિનોદ કરમશી મોમાયા | વરાડીયા | ૨૧ |
| | | **આંતરજ્ઞાતિ લગ્ન** | | |
| ૩૦.૧૧.૨૦૨૧ | મુલુંડ | વિરલ જિતેન્દ્ર ખતીલાલ શાહ | સિહોર | ૩૩ |
| | મુલુંડ | રચિતા લક્ષ્મીચંદ લાલજી નાગડા | રંગપુર | ૩૨ |
| ૧૩.૧૨.૨૦૨૧ | મસ્જિદ બંદર | દર્શન તિલક રતિલાલ મોમાયા | સાંયરા | ૨૫ |
| | મુંબઈ | સલોની અજય શ્યામલાલ યાદવ | મધ્ય પ્રદેશ | ૨૩ |

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૧૨.૨૦૨૧ | સાંગલી | ચિરાગ પિયુષ ધરમશી (શાહ) | નલીયા | ૨૯ |
| | લાતુર | દિપા રાજેશ મહેતા | બરફતના(ગુજ.) | ૨૯ |
| ૦૧.૦૧.૨૦૨૨ | ભાંડુપ | હાર્દિક કનૈયાલાલ નારાયણદાસ રાવલ | અમદાવાદ | -- |
| | ભાંડુપ | માસુમ નીતિન મણીલાલ ધરમશી | લાલા | ૨૭ |
| ૨૩.૦૧.૨૦૨૨ | મુલુંડ | અર્શ પંકજ જેઠાભાઈ લોડાયા | જખૌ | ૨૬ |
| | ભાયંદર | ક્રીષી નિખિલ રતિલાલ ફાડીયા | રુપાલ | ૨૭ |
| ૨૪.૦૧.૨૦૨૨ | ઘાટકોપર | રિષભ અશોક નાગડા | રંગપુર | ૩૬ |
| | ઘાટકોપર | ચાર્મી કલ્પેશ કોઠારી | વિશાવદર | ૨૫ |
| ૨૫.૦૧.૨૦૨૨ | મુલુંડ | અવી પંકજ જેઠાભાઈ લોડાયા | જખૌ | ૨૬ |
| | બોરીવલી | સચી પીયુષકુમાર હીરાલાલ સોમાણી | પાલનપુર | ૨૬ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૧.૨૦૨૨ | જલગામ | લક્ષ્મીબાઈ આણંદજી ખોના | સાંયરા | ૮૫ |
| ૧૭.૦૧.૨૦૨૨ | આરીખાણા | લક્ષ્મીચંદ કેશવજી લોડાયા | આરીખાણા | ૭૪ |
| ૧૭.૦૧.૨૦૨૨ | બુરહાનપુર | પુષ્પાબાઈ પદમશી નાગડા | નલિયા | ૭૪ |
| ૧૮.૦૧.૨૦૨૨ | મુલુંડ | રમીલાબેન પુનશી મુનવર (વોરા) | રંગપુર | ૭૯ |
| ૧૮.૦૧.૨૦૨૨ | અંતરજાળ | લાલજી નરશી લોડાયા | વારાપધર | ૭૯ |
| ૧૮.૦૧.૨૦૨૨ | ભાંડુપ | હરીશ વાલજી દંડ | લાલા | ૭૧ |
| ૧૯.૦૧.૨૦૨૨ | ઘાટકોપર | જયચંદ ઝવેરચંદ મોમાયા | વરાડીયા | ૫૮ |
| ૧૯.૦૧.૨૦૨૨ | કાંકરોલી | હિરાવંતી માણેકજી દંડ | લાલા | ૭૦ |
| ૨૦.૦૧.૨૦૨૨ | નાશિક | ધીરેન પદમસી લોડાયા | કોઠારા | ૬૩ |
| ૨૧.૦૧.૨૦૨૨ | હુબલી | રમેશ લાલજી લાપસીયા (દેસાઈ) | સાંયરા | ૬૫ |
| ૨૧.૦૧.૨૦૨૨ | ડોંબિવલી | યોગેશ મુલચંદ દંડ | ભરૂડીયા | ૫૯ |
| ૨૨.૦૧.૨૦૨૨ | અમદાવાદ | જયંત મેઘજી ધરમશી | મંજલ | ૮૭ |
| ૨૨.૦૧.૨૦૨૨ | મુલુંડ | કેશવજી કાનજી ધરમશી | રંગપુર | ૮૬ |
| ૨૩.૦૧.૨૦૨૨ | ધુલિયા | હીરાવંતી મણીલાલ લોડાયા | આરીખાણા | ૮૦ |
| ૨૫.૦૧.૨૦૨૨ | અંજાર | વિજય જવેરચંદ મુનવર | કોઠારા | ૬૩ |
| ૨૮.૦૧.૨૦૨૨ | અંધેરી | મધુકર ધનજી માલશી નાગડા | તેરા | ૭૬ |
| ૨૯.૦૧.૨૦૨૨ | અંકલેશ્વર | સુનીલ સ્વરૂપચંદ છેડા | તેરા | ૬૬ |
| ૨૯.૦૧.૨૦૨૨ | આદીપૂર | ઠાકરશી મેઘજી સોની | વાંકુ | ૭૩ |
| ૩૦.૦૧.૨૦૨૨ | માટુંગા | હિરાચંદ નારાણજી ખોના | તેરા | ૬૯ |
| ૩૧.૦૧.૨૦૨૨ | અંજાર | જયાબેન જેઠાલાલ મોતા | લાલા | ૭૨ |
| ૩૧.૦૧.૨૦૨૨ | ડોંબિવલી | હર્ષ વિનય રાયચંદ નાગડા | નલિયા | ૨૪ |

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

BEING JAIN

# Anger : The Raging Inferno



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

Our twenty third tirthankar Bhagwan Parshvnath was; in one of his earlier births, born as Marubhuti, the son of Purohit Vishvabhuti of Podanpur city. His elder brother was Kamath. Cruelty, conceit, and a loose character, made Kamath undeserving. Hence, in spite of being the younger son, it was Marubhuti who succeeded his father to the post of Rajpurohit (the royal head priest). Driven by envy, frustration and fury, Kamath seduced Vasundhara, Marubhuti's beautiful wife. Marubhuti reported the adultery committed by his brother to the king. Kamath was exiled by the virtuous king. He became a mendicant and started doing rigorous penance.

Simple and straightforward Marubhuti eventually regretted having become instrumental in Kamath's plight and decided to go and beg forgiveness from his elder brother. Marubhuti went to Kamath and bowed before him seeking his pardon. Kamath, overpowered by his anger and desire for vengeance, picked up a large boulder and hit Marubhuti on the head. Marubhuti died on the spot and reincarnated as an elephant. It was in his life as Vajraghosh, the elephant king that he attained Samyakdarshan (right vision or faith). He ultimately became a tirthankar and gained moksh after eight more births. Kamath on the other hand, kept roaming through cycles of mundane existence owing to his refusal to let go of his extreme anger towards Marubhuti.

What we observe about anger from this story is:

I) The cause of anger is adversity, meaning that anger will always come to us when the circumstances are unfavourable. So it can be said that expectations and hopes are the root cause of anger and

ii) The fires of anger, resentment and revenge slowly destroy the angry physically, emotionally, mentally and even spiritually.

According to our scriptures, anger is of either of these four types :

(i)The most intense and dangerous Anantanubandhi, is like a line etched in a mountain rock. It can neither be erased nor eroded. Kamath's Anantanubandhi krodh towards Marubhuti led to his being eternally trapped in a vicious circle of birth and death.

(ii) Apratyakhyanavarniya krodh is akin to a line sketched on earth which tends to stay on until it rains,

(iii) Like a line drawn in dust; blown away by a gust of wind, Pratyakhyanavarniya krodh is very short lived and

(iv) Sanjvalan krodh, the least harmful type, resembles a line marked on water which vanishes as soon as one moves further.

In order to save ourselves from the perils of krodh kashay, we need to develop certain attitudes which are antidotal to anger:

**Be humble:** Humility soothes the self and others. A humble person has a diluted ego and is therefore less susceptible to anger.

**Be neutral:** Be impartial to everyone. As Bhagwan Mahavir said in the Sutrakritanga, "Treat all creatures in the world as you would like to be treated."

**Be casual:** Learn to take things lightly, use humour rather than anger to counter an opponent's fury.

**Be gradual:** Delay your reaction, do not jump the gun at every smallest unfavourable remark or opinion expressed.

**Be gentle:** When you are compelled to react, be polite and avoid rudeness at all costs. Poet Bernard F. Asuncion says,

*"Take time to think,*
*Many times over;*
*Say something that causes love*
*Instead of anger."*

**Be charitable**: Try and be as nonjudgemental as you can and be considerate when taking stock of somebody else's actions and

**Be noble:** Be largehearted and kind enough to forgive people who offend or hurt you.

Let us follow these seven commandments of compassion and we shall see as Asuncion beautifully sums up:

*"Forgiveness from the heart,*
*Forgetting things of the past;*
*You shall now realize,*
*That heartaches will never last."*

Over View

# KDOs CAN...(Part VII)

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



## FINANCIAL ENGINEERING FOR OUR SOCIAL INSTITUTIONS

Talking about applying the principles of Financial Engineering for our social institutions may sound revolutionary because for centuries we are accustomed to the age old system of funding through charities only. This new approach by the donors as well as institutions can be a powerful force for change. It can generate rich opportunities to fund projects that fuel social and economic growth and improve people's lives.

One example which immediately comes to my mind on financial engineering by a KDO Social Institution is the construction of the Present Kutchi Bhavan at Bengaluru.

With the surplus generated from Kalpa Vruksha Yojans a big property in a prime area was purchased for the Secretariat and guest house of DBKDO EKKAM. As a matter of fact all the Yojanas designed by me and implemented under the auspicies of Gadag Mahajan, Bangalore Mahajan and DBKDO Jain Ekkam were innovative and self-financing- A hybrid of Substantial Charity cum revenue generating for the social enterprise.

For the purchase of a bigger plot of land for Ekkam Head Quarters etc. a plot of land the existing building was sold with good appreciation. In the year 2005 Bhoomi Pooja was done. It was completed in 2008. This modern building has a large air conditioned conference cum marriage hall, a spacious dining hall, office rooms, guest house rooms, a hall on the terrace etc. Total area is about 40,000 Sq. Feet. The total estimated cost of construction and infrastructure was about Rs. 7.50 crores. Apart from own funds, donations of about Rs. 1.5 crores and temporary loan from Hubli Mahajan, there was a shortage of funds of about Rs. 4 crores. Without that the project would have remained on paper.

So an idea of taking a loan from a bank for this purpose of financial engineering was given as this social asset was going to generate good income which can be utilised for servicing the loan and repayment of the Principal from all sources.

The idea was acted upon and loan was taken. I must appreciate the courage, tenacity and passion for community service of the then President, Secretary and the Treasurer and the Managing Committee of Ekkan to agree to this novel way of raising funds for a social institution and also give personal guarantee against the loan, though the building itself was a good security. With this the Kutchi Bhavan was completed in 2008. During the loan repayment period there were few hiccups but all were overcome intelligently. When interest meter runs all are on the toes to find various avenues to find new income sources. If an institution invests its own funds or funds recieved as donations that efficiency normally misses.

If the Ekkam had gone by a traditional charity route, most probably the KUCHI BHAVAN would have remained a distant dream. If they had waited for few years to accumulate the needed funds, they would have lost the race. By the time they got ready with the funds, the cost would have gone up by 50% to 100%. So again deficit funds. And the vicious circle would have continued. So this Financial Engineering methodology proved to be a boon. Borrow to Build. But not Blindly. Last year Bank's liability was cleared and the Kutchi Bhavan is a debt free asset generating an income in eight digits. Today it's market value would be around Rs.30 Crores.

This is a success story of Ekkam's fanancial Engineering. In this regard, I have no idea of our other KDO institutions adopting this modus operandi. If some one can enlighten me about the same, I will be happy to cite their example also.

Though for our personal Home loans or for business purposes, all of us follow this route and prosper. However, at social levels, it is yet to become popular. May be because of an element of social risks. If it is to create either regular income yielding physical assets or if the social enterprise has other sources of certain continuous income, I request our social institutions to explore the above discussed financial engineering method or few others methods to be discussed in the next article. Our community has a large pool of finance advisors to prepare a project report, to do due diligence, cash flow analysis etc. and double the community assets and income wherever feasible.

To be continued...

Life Power

# Importance of Counselling for Cancer patients

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9591279036.**
Pehechaan - A Mission To Help Identify Yourself.



A cancer diagnosis changes lives. Feelings of shock , fear and uncertainty can overwhelm notonly the patient but their entire family.

Elizabeth Kubler Ross was a Swiss American Psychiatrist, a pioneer in handling near death situation. She pioneered the 5 stages of Grief. Denial, Anger, Bargaining, Depression an Acceptance popularly known as DABDA.

Talking can be difficult but it is an important step forward.

Counselling can help sort out different types of problems one may face while having Cancer.

Counselling can help with *Coping with the reaction to Cancer

***Family and relationship issues**

***Explaining personal issues**

***Dealing with practical issues.**

There are many reactions a patient may face like fear, anger, strong reactions to changes in the body, anxiety about treatment and it's results.

A patient may feel very angry or find it difficult to cope with the feeling of loss of control, coping with side effects of treatment like fatigue, pain or sickness.

Cancer can stir up many deeply personal issues such as Spirituality, Sexuality and relationships.

There can be difficult conversations about finance, mortgages, pensions, making a will etc. A counsellor can help you remove the wrong myths and stigma attached to the disease or treatment.

A counsellor can help you to find different ways of coping that had not occurred to the patient or caregivers before. Since the sessions are purely confidential the person can open up with confidence.

There is no evidence to prove that counselling can cure cancer nor it can prolong life. But there is a lot of evidence that counselling can help to cope with many difficulties a patient faces during and after cancer diagnosis and treatment. It can help reduce the stress faced and improve the quality of life of Cancer patients and their caregivers.

At Pehechaan we navigate with the patient right from the diagnosis and throughout the process and treatment. We have been helping the patients and caregivers to make it a smooth ride. There have been instances when the patient wants to meet the Counsellor immediately after surgery/treatment and share their emotions and feelings. We have been supporting the patients and caregivers for more than one and half decades. Kindly feel free to reach out to us @9591279036. All our services are pro bono. We can counsel in 8 different Indian languages.

We support the specially abled with sign language as well.

Remember - **"CANCER IS CURABLE IF DETECTED EARLY"**.

**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો–પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા–વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**

# શ્રી પારોલાતીર્થે ક.દ.ઓ. સંઘોનું સ્નેહમિલન



## શ્રી ભાગવતી જૈન દીક્ષા મહોત્સવ



મુમુક્ષુ
કુ. મૌલીકુમારી રાજેશ મૈશેરી
લાલા (ડોંબિવલી)
પંચાહ્નિકા મહોત્સવ
તા. ૭.૨.૨૨ થી ૧૩.૨.૨૨
દીક્ષા તા. ૧૩.૨.૨૨
ડોંબિવલી ખાતે યોજાશે



ટાંઝાનીયામાં ભારતના હાઈ કમિશનર શ્રી બિનોય પ્રધાનનું દારેસલામ જૈન સંઘ દેરાસરમાં પ્રમુખશ્રી ચેતન પ્રફુલ લોડાયા (શાહ)-મોટી ખાવડી તથા ટ્રસ્ટીઓ સાથે સ્વાગત કર્યું હતું. અહીં દેરાસર ૧૯૩૦માં બંધાયેલું છે.


With Best Wishes From :

FIBROL

FIBROL NON-IONICS PVT. LTD.

[AN ISO 9001: 2015 CO]

Mfr. & Exporter of Ethylene Oxide Condensates & Speciality Chemicals

**Office:**
B-7/8, Chandra Darshan, P. K. Road, Panch Rasta Jn., Mulund (W), Mumbai – 400 080.
Tel: 022-25923670/ 25928097/ 25918902 / 25915794
E-mail: info@fibrol.com   Website: www.fibrol.com
**Factory**:
Survey No. 131, Village- Rasal, Tal- Pali Sudhagad, Maharashtra

*Rajeev Pathak*   *Sanjay Nagda*   *Nimesh Lapasia*

*(Founder : Late Shri Hirachand V. Chheda)*

# અણછાજતા સ્પર્શ, શબ્દો, હાવભાવ અને ઈશારા



આજે આપણે ઉપરોક્ત વિષય ઉપર વાત કરશું. આ વિશે લખવું જરૂરી છે જેથી કરીને આપણે આપણા સંસ્કાર, સભ્યતા, મુલ્યો, સુંદર ધાર્મિક માન્યતાઓ પાછળ રહેલી સુક્ષ્મતાની વાત કરવી છે. આ બાબત વિશ્વમાં દરેક સમાજને લાગુ પડે છે. અને એ છે સ્ત્રીઓ, માતાઓ અને બહેનો સાથેનો પુરૂષોનો વ્યવહાર.

એકાએક આપણી સભ્યતા અને સંસ્કારો બદલાઈ રહ્યાં છે. ટી.વી., મોબાઈલ, સોશિયલ નેટવર્કીંગ સાઈટો અને ચલચિત્રોએ આપણી સભ્યતા અને સંસ્કારોને એમને ફાવે મુજબ અને માફક આવે એ રીતે તોડી અને મરોડી રહ્યાં છે. અને એમાં એમણે આપણી સ્ત્રીઓ સાથે વર્તવાની સભ્યતા અને સંસ્કારોનો સંપૂર્ણપણે નાશ કર્યો છે.

પુરુષો અને સ્ત્રીઓ જાહેરમાં એકબીજાને ગળે મળે એ વાત હવે સ્વીકાર્ય કરાવવામાં, રીપીટ સ્વીકાર્ય કરાવવામાં આવી છે. આમાં સામેવાળી સ્ત્રીની ઉંમર, એ પરણેલી છે કે નહીં વગેરે કોઈ વાતનું ધ્યાન રાખવું હવે નગણ્ય છે.

હું મારી નજરે જોયેલા અનુભવોમાંથી આ લેખ ખાસ કરીને આપણા જૈન સમાજમાં આપણા સંસ્કારો ટકી રહે એ માટે લખવા પ્રેરાયો છું. મેં જોયું છે કેટલાક ગ્રુપમાં અમુક પુરૂષોમાં સ્ત્રીઓ સાથે મેળજોલ વધારવાની કળા હોય છે. અને મને લખવા દો કે આ જમાનામાં સ્ત્રીઓ પણ આવા પુરૂષો તરફ આકર્ષાય છે.

આવા કલાકાર પુરૂષો સ્ત્રીઓને વાતચીત કરતી વખતે સ્ત્રીઓના હાથ અને ખભાને સ્પર્શ કરવાનું ચાલુ કરે છે. અને હું બેધડક કહી શકું છું કે પોતાના સ્પર્શની સ્ત્રીઓને આદત પાળે છે અને ફરીથી બેધડક રીતે કહી શકું છેં આ ગાંડપણ બીજી સ્ત્રીઓમાં એજ ગ્રુપમાં ઝડપથી ફેલાઈ જવાની ભારોભાર શક્યતાઓ રહેલી છે. (આનો હું સાક્ષી છું) અને બીજા પુરૂષો પણ સ્ત્રીઓને સ્પર્શ કરવા પ્રેરાય છે.

આવા કલાકાર પુરૂષો ''આપણે તો ઓપન માઈન્ડેડ કે સુધરેલા વર્ગના છીએ'' કહીને (એકદમ) અસભ્ય ભાષાનો પ્રયોગ સભ્ય રીતે કરે છે અને એ પણ સ્વીકાર્ય બનાવે છે.

આ લખનારે જોયું છે કે ૪૦-૪૫ થી ઉપરના પુરૂષો અને સ્ત્રીઓ જાહેરમાં ગળે લગાડવાથી વધારેની શારીરિક હરકતો કરવામાં અને એ અંગેની ભાષા વાપરવામાં છોછ અનુભવતા નથી. અને એમની સાથે રહેલા મુર્ખાઓ ખોટા અટહાસ્યો કરે છે. વાત આટલેથી અટકતી નથી. પુરુષો જે બધાની સામે ગાળો બોલે છે એનું અનુકરણ એ છોછ નથી. ઉઘાડે છોગે ધુમ્રપાન કરવું એ આધુનિક સભ્યતાનો એક ભાગ બની ગયો છે.

અંગ્રેજી છાપાઓ અને રંગીન અંગ્રેજી લિસ્સા સામાયિકોએ વળી ''ઓફિસ સ્પાઉસ'' એટલે કે ઓફિસની સહચારિણીનું ગતકડું કાઢ્યું છે. અને આપણા તો હવે સભ્યતા અને સંસ્કારો અંગ્રેજી બની ચુક્યા છે.

મળવું કે અંગ સ્પર્શ કરવો એ એક અલગ વાત છે. અને એક આદત બનાવવી એક તદ્દન અલગ વાત છે.

હું અને આપણે બધા જ એક વાતના સાક્ષી છીએ. આ જમાનામાં ૧૫ વર્ષથી મોટી વયના યુવાન યુવતીઓને કોઈ વાતનો છોછ નથી અને ''તદ્દન અસભ્યતા''ને સભ્યતા તરીકે ખપાવે છે. એ વય જુથના બીજા બાળકોને એમાં સાથ પુરાવવો પડે છે. જો ના પુરાવે તો એને જુથમાંથી બહાર કાઢવામાં આવે છે. આને પીઅર પ્રેશર કહેવાય છે.

સ્ત્રીઓ ઓફિસોમાં કમને આ સ્પર્શ સ્વીકારી લે છે કેમ કે નોકરીનો સવાલ હોય છે, પણ આ ગુનો છે. સ્ત્રીઓ સાથે કેવો વર્તાવ કરવો એ માટે સુપ્રીમ કોર્ટ ''વિશાખા'' નામની માર્ગદર્શિકા બહાર પાડી છે અને આનું પાલન કરવું દરેક કામકાજના સ્થળે અને સરકારી ઓફિસમાં ફરજીયાત છે.

આ તફાવત સમજવો આપણી બહેન, દીકરીઓને જરૂરી છે અને એ સમજાવવાની પિતા, ભાઈ અને માતાની જવાબદારી છે.

સ્ત્રીઓએ પુરૂષોની સમોવડી બનવું એ જરૂરી છે પણ પુરૂષ જેવા બનવું ન જોઈએ.

આપણા દરેક મહાજન અને મંડળોએ આ વિષય અંગે વાર્તાલાપ ગોઠવવો જરૂરી છે. જેથી સભાનતા કેળવાય અને સંસ્કારોનું જતન થાય.

આ લેખ લખવાનો ઉદ્દેશ્ય જાગરૂકતા અને સભાનતા કેળવવાનો છે નહીં કે શંકા ઉભી કરવાનો કે કોઈને ઉતારી પાડવાનો.

**- ઍડ. ઉદયન લાલજી શાહ**

Someone is sitting in the shade today because someone planted a tree a long time ago.

*Warren Buffett*

DILIGENT • DECISIVE

# DHARAMSHI
## SECURITIES PVT. LTD.

Quest 1073 Rajabhau Desai Marg, Prabhadevi , Mumbai 400025. Phone - +91 22 24394444

218, 2nd Floor, Marathon Monte Plaza, Opp. P&T colony, Near Samriddhi Banquet Hall, Madan Malviya Road, Off. LBS Marg, Mulund (W), Mumbai 400080. Phone - +91 22 69162444

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to :<br>**C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | To, |
|---|---|

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**